# નિબંધપ્રકાશ.

## ભાગ ૨ જો.

ઇ.લી.ગ્રી.

# નિબંધ પ્રકાશ

ભાગ બીજો.

ફક્ત શી. ઇ. ઇસમાઇલી દીનદારો માટે

રચનાર.
હરજીભાઈ પુંજા માસ્તર

પ્રગટ કર્તા,
ઇસમાઈલી લીટરેચર સોસાઇટી,
ઓ૦ સે૦ વીરજી પ્રેમજી પારપીયા
ઇસમાઇલી લીટરેચર સોસાઇટીની ઓફીસ
ખી ખોજા સીખી પ્રીન્ટીંગ પ્રેસ
૧૧૩ પાલખી મહોલા, મુંબઇ ૯
ઇસ્વી સન ૧૯૧૪ હીજરી સન ૧૩૩૨

કીંમત રૂા. ૦ા=

છાપનાર મુન્શી લાલજીભાઇ દેવરાજ
ધી ખોજા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ
૧૧૩ પાલખી મહોલા મુંબઇ નં. ૬

# પ્રસ્તાવના.

પાક શીઆ ઈમામી ઈસમાઈલી દીનની કેળવણીનો પ્રકાશ દિન પ્રતિ દિન વધતો જાયછે. ઈસમાઈલી હાજર ઈમામ, હક મૌલાના સરકાર આગા સુલતાન મહમદ શાહ દાતારની માયાળુ સખાવતથી દેશ પરદેશમાં શીઆ ઈમામી ઈસમાઈલી સ્કૂલો નીભાવવામાં આવેછે. ઠેકાણે ઠેકાણે ઈસમાઈલી દીનના વાએજ કરનાર મીશનરીઓ પણ વધતા જાય છે, પાક શીઆ ઈમામી ઈસમાઈલી દીનમાં ઝડપથી વધતી જતી કેળવણીના બરના નવાં નવાં પુસ્તકો રચાઇને બહાર પડતાં જાય છે, જેથી અસંખ્ય માણસો પોતાના પાક દીનનું ખરૂં સ્વરૂપ સમજવા શકિતવાન થાયછે. દીનની કેળવણીના વધારાના જમાનામાં ઈસમાઈલી દીનને માફક આવતા નિબંધોના વિદ્વતા ભરેલા પુસ્તકની ખાસ જરૂર છે.

આવું પુસ્તક નિબંધ પ્રકાશ ભા.૧લો સને ૧૯૧૧માં આ સોસાઈટી મારફતે અમારા તરફથી રચાઈ બહાર પડેલ છે ને આ બીજા ભાગના કર્તા તરીકે બહાર પડવા તેજ સોસાઈ-ટીની કોમ સેવાના પ્રતાપે અમો ભાગ્યશાળી નીવડ્યા છીએ તેથી સોસાઈટીની હરેક ફત્તેહ ખરા અંતઃકરણથી ઈચ્છીએ છીએ.

આ પુસ્તકમાં અગાઉનાં પુસ્તક નિબંધ પ્રકાશ ભાગ ૧લા સાથે સાંધણ છે ને પેલા મુમુક્ષજનને તેજ મહાત્મા બીજી વખતે આ પુસ્તકમાં રહેલ વિષયોની સમજણ આપે છે એજ કલ્પીત રૂઢી ચાલુ રાખી છે.

અમો આશા રાખીએ છીએ કે આ પુસ્તક-માં સમાયેલ વિષયો સર્વ હીન ભાઈ ઉપર સારી અસર કરશે.

છેવટમાં જે ઈ.લી. સોસાઇટીના આધારે આ પુસ્તક બહાર પડેલ છે તેનો ખરા અંતઃકરણથી આભાર માની કોમની સેવા નિરંતર બજાવ્યા કરે અને તેને દરેક રીતે ફતેહ મળે એવી આશીશ અંતરથી દઇએ છીએ.

કર્તા

હરજીભાઇ પુંજા માસ્તર

# અનુક્રમણિકા


| નંબર | નિબંધ | પાનું |
| --- | --- | --- |
| ૧૨ | ધર્મના દશ લક્ષણો .... .... | ૧ |
| ૧૩ | દુઆ .... .... .... | ૪૨ |
| ૧૪ | સેવક .... .... .... | ૫૧ |
| ૧૫ | ઈમામ જાહેર છે .... .... | ૬૦ |
| ૧૬ | નમ્રતા .... .... .... | ૭૭ |
| ૧૭ | પાંચ ઇંદ્રિયો .... .... | ૮૩ |
| ૧૮ | દયા .... .... .... | ૧૧૦ |
| ૧૯ | શરમ .... .... .... | ૧૧૫ |
| ૨૦ | વફાદારી .... .... .... | ૧૨૨ |
| ૨૧ | સખાવત .... .... .... | ૧૨૬ |
| ૨૨ | દુર્વ્યસન .... .... .... | ૧૩૨ |
| ૨૩ | ખુદાઈ રાહનો બાગ .... .... | ૧૪૨ |
| ૨૪ | વૈરાગ્ય .... .... .... | ૧૭૪ |
| ૨૫ | જીકર .... .... .... | ૧૮૪ |

# યા અલી મદદ.

## મદદે મૌલા વ પંજેતન પાક

---

નિબંધ પ્રકાશ ભાગ ૧ પહેલાનું સાંધણુ
ઇસમાઈલી મહાત્મા વિદ્વાને પેલા ઉમંગી
મુમુક્ષોને આ ભાગમાં આપેલા વિષયો
ની સમજણ આપે છે.

---

# ૧૨ ધર્મના દશ લક્ષણો

ધૃતિ, ક્ષમા, દમો. સ્તેયં,
શૌચમિં, ઇંદ્રિય નિગ્રહ,
ધી, વિદ્યા, સત્યમ, ક્રોધો,
દશકં, ધર્મ લક્ષણુંમ

# ૧ ધૃતિ

## ( ધીરજ, સંતોષ )

મનુષ્યે સર્વદા સંતોષ રાખવો જોઇએ, સંતોષથી પરમ સુખ મળેછે, વળી સંતોષ કોને કહેછે કે જે થોડુ ઘણું મનુષ્યને ધન મળે તે પોતાના પ્રાણોની રક્ષા કરે, અન્યાય કે છળ કપટથી અતિશય ધન મેળવવાની ઇચ્છા કદી રાખેજ નહિ.

સંતોષીછે તે આલોક અને પરલોક બંને માં સુખીછે, આલોકમાં ધન, સંતાન, પરીવા-ર વિગેરેનું સુખ મળેછે, અને પર લોકમાં મોક્ષ મળેછે.

જેને આ લોકમાં સંતોષ નથી, તે અસંતોષ અને અપાર તૃષ્ણા ના કારણ ને લીધે ધન એકઠું કરવાને જગતમાં અનેક પ્રકારના વલખાઓ માર્યા કરેછે. અને પોતાના સ્વધર્મથી

પણ રહિત થઇ ચિંતાઓનો માર્યો ભટકી મરે છે, સંતોષી સદા સુખથી સુવેછે, અને મોટા મોટા ખાન પાનાદિક તેને ખાવા નમળે તો પણ તે પ્રસનતામાં રહે છે. મોટા ધનવાનો ની દુર્દશા જોઇ તેને હસવું આવે છે, કે તેઓ એ આટલું બધું ધન મેળવ્યાં છતાં તેઓને કાંઇ સુખ પ્રાપ્ત થયું નથી.

જેની તૃષ્ણા શાંત થતી નથી, તેજ દરિદ્ર છે, ને તેને કોઈ વાતે તૃપ્તી થવાની નથી

# કલામે મૌલા.

જીસે લાલચ ઘણી,
સો ન સંતોષે કિસી હાલ;
બહોત દોલત એતી પાવે,
જો સારી દુનીઆકા માલ,
તોભી લાલચીકી આંખા નહિ ભરે,
ભરનેકા નહિ હુએ શુક્ર;

## ૪

## ઉશકી આંખા તબભરે,
## જબ પડે ઘોરકી ધુલ.

### મતલબ

જેને અપાર લાલચ છે, તે કોઈપણ વખ તે સંતોષ પામતો નથી, કદાપિ આખી દુની આનો માલ મળે તોપણ તેની આંખ ભરાતી નથી. પણ છેવટે જ્યારે કબર ની ધુળ આંખમાં પડેછે, ત્યારે ઘણોજ પશેમાન થાયછે. માટે જેને અપાર તૃષ્ણાછે. તેજ દરિદ્રછે.

સંતોષી પુરષ પરમેશ્વરને પ્રિયછે, તેને માટે હિંદુ શાસ્ત્રોમાં એક દ્રષ્ટાંત છે.

એક રતિદેવ નામનો રાજા હતો. તે રાજા એટલો સંતોષી હતો, કે જ્યારે તેનું રાજ ગયું ત્યારે તેને જે કાંઈ મહેનત અને ન્યાયે કરી ધન મળતું હતું, તેથી તે ધર્મના કામ કરીને બાકી વધેલા દ્રવ્યથી પોતાના કુટુંબનું પોષણ

કરતો. એક વખત (૪૮) અડતાલીશ દિવસ શુધી જે કાંઈ થોડું અન્ન મળ્યું તે અતિથીના ભોજનમાં વપરાઈ ગયું ત્યારે રાજાએ કેવળ જળપાન કરી (૪૮) અડતાલીશ દિવસ સુધી પોતાનો દેહ ટકાવી રાખ્યો. અને ઓગણપચાશમે દીવસે જે અન્ન મલયું તે ભોજન સમયે એક બ્રાહ્મણ આવ્યો. તેને તેમાંથી ચોથો હિસ્સો આપ્યો ને ફરી એક ચંડાળ પોતાના કુતરાને લઇ આવ્યો, અને કહ્યુ, કે હે, રાજા હું અને મારો કુતરો ઘણુજ ભુખ્યા છીએ, માટે અમને અન્ન આપો, ત્યારે રાજાએ બાકી રહેલું સર્વે અન્ન તેને આપી દિધું, અને પોતે કેવળ જલપાન કરી રહ્યો, રાજાનો આવી રીતનો સંતોષ જોઈ બ્રહ્મા, વીશ્નુ, અને રૂદ્ર, રાજા પાસે આવી તેને વરદાન માંગવા કહ્યું, રાજાએ સર્વેની પુજા કરી વરદાન માંગ્યું કે, સર્વ પ્રજા અન્ન, ધન, નેસંતાન થી સુખી રહે; એ સિવાય

બીજું કાંઇ જોતુ નથી. મારે મારા નિર્વાહ ઉપ રાંત વધારે ઉન્માદ કરાવે એવી તૃષ્ણા જોતી નથી. સર્વ દેવોએ તેને આશિષ દિધી.

વાસ્તે જે મનુષ્ય સંતોષ રાખે છે, તે સદા સુખી રહેછે. અને અસંતોષથી અંહકાર રૂપી નરકમાં પડે છે, માટે પેલી કહેવત પ્રમાણે "સંતો ષી નર ભદ્રા પામેછે."

# (૨) ક્ષમા.

સતગુર કહેરે.
પાંચ તત્વમાં સરદારછે,
જેનું ખમીઆ છે નામ;
જે ખમીઆ રાખે દેહીમાં,
તેને ત્યાં ઊઠી સૌ કરે સલામરે.

**મતલબ**

સતગુર પીર સદરદીન સાહેબ ફરમાવે

છે કે, આ પાંચ તત્વની કાયામાં જે મનુષ્ય ક્ષમા રૂપી ગુણ ધારણ કરે છે, તેને દરેક માણુસો માન આવકાર આપે છે, ક્ષમા, માફી, સહનતા રાખવી તેજ ઊત્તમ છે, કોઈ માણુસે આપણો અવગુણ કર્યો હોય. છતાં તેના પર કૃપા રાખવી અને શરણે આવેલાને માફી બક્ષવી પોતાના ભાઇ સમાન ગણવો અને પોતાનામાં સામર્થ હોય તે છતાં સહનતા રાખવી તેનું નામ ક્ષમાછે.

કોઇ આપણી નિંદા અથવા વેર કરે અને દુઃખ ઉપ્તન કરે તેને સહન કરી લે, અને પોતે કોઇને મારે નહીં, કે ગાળ નહિ દે અને સર્વે જીવો પર દયા રાખે. તેનું નામ ક્ષમા છે, સંત પુરૂષોનું કહેવું છે કે, ક્ષમા એજ ક્રોધને જીતવા વાળી છે. જે મનુષ્ય ક્ષમા રૂપી તરવાર બાંધે છે. તેને દુર્જન પણ કાંઇ કરી શક્તા નથી.

જેને માટે ભાગવતમાં એક દ્રષ્ટાંત છે કે,

રાજા અંબરીષ મોટો ક્ષમાવાન અને દયાળુ હતો, ભગવાને તેના રક્ષણાર્થે શુદરશન ચક્રને આજ્ઞા કરી હતી, એક સમય તે રાજાએ એક વર્શ સૂધી, એકાદશીનું વૃત કરી અને કાર્તીકી એકાદશીનું વૃત કરી બીજે દિવસે દ્વાદશી (બારશ) ને દિવશે બ્રાહ્મણોને ભોજન કરાવી રાજા પોતે ભોજન કરવા જતો હતો, ત્યારે દુર્વાશા રૂષી આવ્યા, અને કહ્યું કે હું પણ તમારો અભ્યાગત છું, રાજાએ દુર્વાશાને માન આપી બોલાવ્યા, દુર્વાશા સ્નાન કરવા ગયા, અને ત્યાં વખત લાગવાથી દ્વાદશી (બારશ) પુર્ણ થવા આવી તેથી બ્રાહ્મણોની આજ્ઞાથી જળપાન રાજાએ કર્યુ, એટલામાં થોડી વારમાં દુર્વાશા આવી ચડયા, અને કહ્યું કે અરે દુષ્ટ રાજા તેં તારા રાજ્યની લક્ષ્મીના મેદ કરી મારૂં અપમાન કર્યું. માટે બ્રાહ્મણોના અપમાનનું ફળ તને મળશે. એટલું કહી પોતાની જટામાં

થી રાજાને બાળી નાંખવા અગ્નિ ઉત્પન કર્યો એટલે શુદર્શન ચક્રે ઉઠીને અગ્નિને શાંત કર્યો, અને દુર્વાશાની પુંઠ પકડી, એક વર્ષ શુધી દુર્વાશા નાસતા ફર્યા પણ કોઇએ તેમની રક્ષા કરી નહિ, આખરે ફરી તેજ રાજા પાસે આવ્યા, રાજાએ સુદરશનની પ્રાર્થના કરી શાંત કર્યો, પછી દુર્વાશા રૂષીના ચરણામાં પોતે પડ્યા, ને પોતાના અપરાધની ક્ષમા માગી, કહ્યું કે, આપ હવે ભોજન લો હું પણ આજ વર્ષ થયું તેવીજ રીતે જળપાનથી બેઠોછુ, દુર્વશાએ ભોજન લઇને રાજાને ઘણો ઘણો ધન્યવાદ આપી, કહ્યુંકે, તું મોટો ક્ષમાવાન છે, આવી ક્ષમાવાન વૃતી રાજાની જોઇ ભગવાન પણ તેના ઊપર પ્રસન થયા, અંતે તે મોક્ષને પ્રાપ્ત થયો.

જે મનુષ્ય ક્ષમાવાન હોય છે, તે આ લોક માં પ્રતિષ્ઠા, કીર્તી, અને સુખ મેળવી પરમ પદને પામેછે. તેને વિષે આરાધ નામના ગ્રંથ

માં ફુરમાવેલુ' છે.

## કલામે પીર.

ક્ષમા ધર'જ્યારે તિસચ દુર્જન નહિવ કરસત',
સરવે ઈ મીત્ર' મીત્ર' કારે ક્ષમા;
ક્ષમા સા સમો ના જાપણુ' ના સત'
ક્ષમા સદા ઉતમ'.
ક્ષમા સમો ના તપ' નાસ'ત,
ક્ષમા રૂપી દયા વ'ત;
તિશ મોક્ષ મુક્તિ ભવે નારયણુ'.

## (૩) દમ.

### સહન કરવુ' મનના વિકારોને તાબે કરવા

વિકારના કારણુ રૂપ વિષય સમિપ હોય, તો પણુ મનનુ' વિકારપણુ' ન થાય, તેનું નામ

દમ અથવા મનને નિયમમાં રાખવું ટાઢ, તડકા, વિગેરેનું સહન કરવું તેને પણ દમ કહે છે. વિદ્વાન તત્વ દરશીઓનું કહેવું છે કે, નિદિત કામથી ચિતને પાછું ખેંચવું તેનું નામ પણ દમ છે, પરસ્ત્રી અને વેસ્યા ગમન કરવાને પણ શાસ્ત્રમાં ઘણો દોશ ગણેલો છે, તે તરફ મનોવૃતિને જવા નહિ દેવાને પણ દમ કહેછે.

મન મોટું ચંચળ છે; અને વાદળાની માફક એક ઠેકાણે સ્થિર રહી શકતું નથી. માટે શબ્દ, સ્પર્શ, રૂપ, રશ, ગંધ, એ વિષયોથી દુર રાખવું એજ કલ્યાણકારક છે, મનને જીતવાથી કામ, ક્રોધાદિક શત્રુઓ નાશ થાયછે. જેમકે નાચવું નહી કે નાચ જોવો નહિ, ગાવું નહિ, કે ગાયન સાંભળવું નહિ. વાજાં વગડાવવાં કે વગાડવાં નહિ. મોઢેથી તાળ આપવો નહિ કે તેમાં આશકત થવું નહિ. હરેક મનુષ્યે પોતાના

બાળકોને નાની વયથી જ આવી આવી વાતોથી દુર રાખવા પ્રયત્ન કરવો જોઇએ; કે બાળક નાચ વા કે નાચ સાંભળવા. જોવા કે ગાવા, દુષ્ટો કે કુસંગીઓની ચારીમાં ફરસે નહિ. પાખંડી મન વાળાઓએ નાના પ્રકારના વિષય રસ ભરેલા નાટકો અને ગીતો વિગેરેના પુસ્તકોમાં બાળકોની બુદ્ધિ હરણ કરવા માટે પ્રગટ કર્યા છે; જે વાંચવાથી બાળકોનો માનસીક ભ્રમ થઈ બુદ્ધી નસ્ટ થઇ, મન વિકારને પામેછે, પછી અતિશય વિશય ભોગ ભોગવતાં શીખેછે. અને તેથી શરિર રોગી અને નિર્બળ થઇ જાયછે. પરમેશ્વરે વિદ્યા અભ્યાશ સિવાય વિષય ઊત્પન કરવા વાળી વસ્તુનું સાધન કરવા કદી પણ આજ્ઞા આપી નથી. સ્ત્રી અને સ્ત્રીનો પ્રસંગ કરવા વાળા મનુષ્યોનો સમાગમ કરવો નહિ. બુધ્ધિ વાન હોય તોપણ તેની ઇંદ્રીઓ વિષયના સંયોગથી વિકાર પામી મન બગડ્યા વગર રહેતું નથી.

જે માણસ ગાન તાન સાંભળતો નથી. તેનું મન સ્વચ્છ રહેછે.

જેનું મન સ્વાધિન છે, તેને કોઇ પણ પ્રકારની ઈચ્છા, અપેક્ષા રહેતી નથી, જેમ સુદામાનું ભાગવતમાં વ્રતાંત છે, કે સુદામો નિરધન હતા, અને વારંવાર પોતાની સ્ત્રી કૃષ્ણ પાસે ધન મેળવવાને કહેવા છતાં, પોતે દમ રાખી જતાં નહિ. અને જયારે ઘણા આગ્રહથી કૃષ્ણ પાસે ગયાં ત્યારે કાંઇ પણ માગ્યું નહિ, છતાં શ્રી કૃષ્ણે તેનું ધૈર્ય જોઈ પુષ્કળ ધન આપ્યું, જેથી સર્વ સુખની તેને પ્રાપ્તી થઇ, તેમ છતાં તેમાં પોતે લીન ન થતાં મનને સ્વાધીન રાખી અંતે મોક્ષ પદને પામ્યા. માટે ગમે તેવું દુઃખ હોય તોપણ જે નિંદ વસ્તુ છે, તેનું સેવન કદી કરવું નહિ.

# [૪] અસ્તેયં.

## (ચોરી નહિ કરવી તે)

અન્યાયથી પારકું ધન ગ્રહણ કરવું, એને સ્તેય એટલે ચોર કહેછે. તેથી ઉલટું અસ્તેય છે. અર્થાત ધન વિગેરે ન્યાયથી ગ્રહણ કરવું. પોતાનો ત્થા પોતાના કુંટુંબનો નિભાવ કરવા શારૂ સિધા ઉપાય શોધવા. અને શરિરને પીડા ન થાય તેવી રીતે પૈશો એકઠો કરવો. જે મનુંષ્ય અધાર્મીક છે. જેનું અસતય (ચોરી) એજ ધન છે. અને જેનું સદા હિંસામાં ચિત લાગેલું છે. તે આલોકમાં પણ સુખ પામતો નથી, સર્વ મનુંષ્યે પોતાની ઉપજીવીકા માટે ચોરી કરવી નહિ.

લોકો નોકરી કરી પોતાના ધણીનું ધન ચોરે છે. ત્થાં લાંચ લઇ પોતાના સ્વાર્થ માટે મોટી હાની કરવા પણ બીતા નથી. ચોરીથી મેળવેલુ

ધનથી જે કોઇ યજ્ઞ કે અગ્ની હોત્ર કે અશ્વમેઘ કે, કુવા, તળાવ, કે, ધર્મશાળા, દેવાલય વિગેરે કરેછે, તો તે સર્વ તેને નિષ્ફળ જઇ તે કરવા વાળો નરકે પહોંચેછે. પરંતુ જે માણુસ ન્યાંયથી થોડું ધન પ્રાપ્ત કરી શ્રધા પૂર્વક દાન ધર્મ વિગેરે શુકર્મો કરેછે, તેને મોટા પુન્યના ફળની પ્રાપ્તી થાયછે. જેમકે આળશ છોડી દઈ શ્રીમંત ગ્રહસ્થે નિત્ય યજ્ઞાદિ ઈસ્ટ ધર્મકાય જરૂર કરવા. તથા વાવ, કુવા, તળાવ, વિગેરે ખોદાવવા. ખરા પરશેવાનો પૈશો. જેણુ મેળવેલો છે. તે શ્રધા પુવક આ બે કામ કરે તો અક્ષય મોક્ષનું ફળ પામેછે. તે વિષે તુલશી દાશે કહ્યું છે.

જોઇ મરી ઘર સંપતી નાસી.
મુંડ મુંડાઇ ભયે સન્યાસી.
તે વિપ્રતને પાય પુજાવૈ,
ઉભય લોક નિજ હાથ ન સાવૈ.

વળી જેને રાગ ન હોય, તેનું નામ વૈરાગી. સત્ય સતપંથ ની મર્યાદા નો લોપ થવાથી વિદ્યા હિન મનુંષ્યોની હાનિ ઘણી થઇછે, ચોર ને ચોરી કરતાં અટકાવવા સારૂ રાજાએ સારી પેઠે મહેનત લેવી, કેમકે તેમ કરવાથી રાજા ની પ્રતિષ્ઠા તથા તેનું રાજ વધા કરશે, રાજા પૃથુ એ ન્યાયથી ધન મેળવી પ્રજાનું પાલન કર્યું અને નવાણું યજ્ઞો કર્યા, અને તેના પુન્યના ફળ થી પરમેશ્વર વગર બોલવે તેમને ઘેર પધાયા; અને પૃથુને વરદાન માગવાનું કહ્યું, છતાં પૃથુએ કોઇ પણ પ્રકારે ઈચ્છા કરી નહિ ત્યારે ભગવાન પ્રસન થયા, અને એવું વરદાન આપ્યુ કે આ ભુમી પૃથ્વિ નામથી અદ્યાપી સુધી પ્રસિધછે; અને અંતમાં રાજાને કૈવલ્ય મોક્ષની પ્રાપ્તી થઈ. જે મનુષ્ય અન્યાય અને અધમથી ધન મેળવે છે, તે ધનનો બીજા લોક ભોગ કરે છે, વળીતે ધન તેનો મુળથી નાશ કરીને નક

માં નાખેછે. જેમાણુસે પાપે અને ચોરીથી ધન એકઠું કર્યું હોય તેની પાસે દશ વર્ષ શુધી રહે છે. અગીઆરમેં વરશે તે પાપીનુ સર્વસ્વ નાશ કરી દે છે, ટુંકામાં જે માણસ પારકુ હરી લેછે તે નર્કનો અધિકારી થઇ, પશુ યોનીમાં અવતાર લેછે.

## (૫) શૌચ.

### ( પવિત્રતા, નિર્મળતા. )

પવિત્રતા બે પ્રકારની છે, એક દેહી ઉપરના મળોને શુધ કરવા તે બીજી અંતરના એટલે મનથી ( કામ, ક્રોધ, લોભ મોહ અને મદ) વગેરે છ શત્રુઓનો ત્યાગ કરવો. જેમકે શરીર પાણીથી શુધ થાય છે. મન સત્યથી ચોખુ રહેછે. અને જીવાત્મા બ્રહ્મ

જ્ઞાન અને તપથી પવિત્ર થાયછે. બુદ્ધી, જ્ઞાન થી નિર્મળ થાયછે. જેમકે શરીર માંથી નિકળ તો ચીકણો પદાર્થ, વિર્ય લોહી, માથામાંથી નીકળતી ચરબી, મૂત્ર, વિષ્ટા, ગુંગો, કાનનો મેલ લિંટ, પિઆ, પરશેવો એટલા પુરૂષના બાર મળ જાણવા. આ સરવેને જળથી મનુષ્યે શુદ્ધ કરવાની જરૂરછે, એથી દેહ શુદ્ધ થાયછે, જેનામાં એ મળો હોયછે, તેને મેલો કહેવામાં આવેછે, અને તેના શરિરમાં સર્વદા રોગનો વાશ હોયછે, તેવા મલીન પુરૂષથી ઇશ્વર પણ દૂર રહેછે. પરમાત્મા પોતે નિર્મળછે, તેણે મા ણસને શુધ રહેવાને માટે જળ, ઝાડ વનસ્પતિ વિગેરે પદાર્થો બનાવ્યાછે. તેથી માણસોએ જો પોતાની શુદ્ધી ન રાખી તો તેણે જાણવું કે ઇશ્વરી આજ્ઞાનો ભંગ કર્યો.

આપ્રમાણે બહારની શુદ્ધી કર્યા પછી અંતઃ કરણની શુદ્ધિ કરવી કારણ કે જ્યાં સુધી અંતઃ

કરણની શુદ્ધિ થઈ નથી ત્યાં સુધી તે પુરૂષ પરમેશ્વરને પ્રિય બનતો નથી. જેનું અંતઃકરણ શુધ્ધ નથી, તેવા પુરૂષ માટે તુલશી કૃત રામાયણ માં લખ્યું છે, કે.

મન મલિન તન સોહત કૈશા,
વિષ રશ ભર્યા કનક ઘટ જૈશા.

એટલા માટે માણુસોએ અંતઃકરણની શુધ્ધી માટે "કામ, ક્રોધ વિગેરે છ શત્રુઓનો ત્યાગ કરવો," અવશ્યછે. તે આલોક અને પર લોકોના શુખનો નષ્ઠ કર્તા છે. જયારે દેહ માં કામનું જોર વધેછે, ત્યારે તેથી ક્રોધ થશે, ક્રોધથી મોહ, મોહથી બુધ્ધી ભ્રષ્ટ થાયછે, અને બુધ્ધી ભ્રષ્ટ થવાથી મનુષ્ય અધમ ગતિ પામેછે, જેમકે જેપુરૂષે કામ ક્રોધનો ત્યાગ કર્યો છે, તેણે પોતાનું મન જીત્યું છે, અને તે સાક્ષાત બ્રહ્મ લોકને પામેછે.

# (૬) ઇંદ્રીય નિગ્રહ.

વિષયો તરફ જતી બારની અને અંદરની ઇંદ્રીઓ ને રોકી વિકાર પામવા ન દેવી તેને ઇંદ્રીય નિગ્રહ કહેછે, જેમકે કાન ચામડી આંખ જીભ નાક એ પાંચ તથા હાથ પગ વાચા ગુદા અને લિંગ એ પાંચ મલીને દશ ઇંદ્રીઓ કહેલીછે. મન હરણ કરનારા વિષયોમાં જનારી ઇંદ્રીઓ ને રોકવી, અને જેમ રથે જોડેલા ઘોડાને સારથી કબજામાં રાખેછે, તે પ્રમાણે વશ રાખવી. વિષય વસ્તુનો ઉપભોગ, કામ વાસના કદાપી મટતી નથી ઊલટી વધેછે, જેમ કાળા ધુમાડા વાળા અગ્નિમાં ઘી હોમવાથી અગ્ની નું બળ વધતું જાયછે, તેમ વિષય સેવનાથી કામ ઉલટો વધેછે, જેથી જીવને દોશ લાગેછે, પણ ઇંદ્રીઓ વશ કરી રાખી તો તેથી જીવ મોક્ષ પામેછે, વાસ્તે ઇંદ્રીઓને વશ રાખવી, જેમ પાણીના વાસણમાં કોઇ પણ ભાગમાં

કાણું પડ્યું, તો તેમાંથી પાણી જતુ રહેછે, તેમ સર્વ ઈંદ્રી ઓમાંથી એક પણ ઈંદ્રી વિષયમાં લાગી તો જીવની બુધ્ધી ભૃષ્ટ થાયછે.

રાજા ભરથરી જ્યારે સંસાર ત્યાગ કરી જંગલમાં ગયા ત્યારે એક રાતને વખતે એકલા હતા, તે સમયે કામે પોતાની પ્રબલતા દેખાડી, ત્યારે ભરથરીએ કહ્યું કે, જુઓ હું ભિક્ષા માગી જે અનાજ મળેછે, તેને પાણીથી ધોઇ સ્વાદ વગરનું દિવસમાં એક વાર ભોજન કરૂં છું, વળી પૃથ્વી ઉપર સુવું છું, ફાટેલ વસ્ત્રો પેહેરૂં છું અને સેંકડો તણખલાની પથારીમાં સુવું છું તો પણ હાય હાય કેવા ખેદની વાત છે. કે વિષય મને છોડતો નથી. કામ મારી પછવાડે પડયોછે, અને પોતે છુટતો નથી. ભરથરી જેવા યોગીને ભોગ સામગ્રી વગર પણ કામ પેદા થયો; તો જે લોકો નાના પ્રકારના સુખ આપે તેવા પદારથો ના ભોગ

ભોગવે છે, તો તેવા પૂરૂષના શુ હાલ થતા હશે? જયાં સુધી આપણે એમ ન સમજીએ કે મને ઇંદ્રીઓ નરકમાં લઈ જવા વાળીછે, ત્યાં સુધી ઇંદ્રીઓના ભોગ ભોગવવા તત્પર રહીએ છીએ, પણ જો જ્ઞાન દ્રષ્ટીથી જોઈએતો, ઇંદ્રીઓના જે ભોગ વિલાશછે, તે સ્વર્ગ, મોક્ષ સુખની હાની કર્તાછે, તેવો વિચાર મનમાં લાવીને ઇંદ્રીઓ પોતાના સ્વાધિનમાં રાખવી તે જ્ઞાની પુરૂષનું ઉતમ કર્તવ્યછે.

## કલામે પીર.

જીભયા ઇંદ્રી એકજ નાવ,
જો બાંધે શો ઉતરે પાર.
ઇંદ્રી થર વિના પાપ ન જાએ,
પાપ ગયા વિના શુદ્ધ ન થાય.
શુદ્ધ થયા વિના સંતોષ ન થાય,
સંતોષ વિના ભક્તિ ન થાય.

ભકિત વિના જુગ્તિ ન થાય,
જુકિત વિના મુકિત ન થાય.
મુકતી વિના અમરાપુરી ન જવાય,
અમર થયા વિના દિદાર ન થાય.
એવી વાણી સતગુરૂ કહે,
શ્રી દશમાંહે નકલંકી લહે.

## (૭) ધિ (બુદ્ધિ)

શાસ્ત્રોમાં બુધ્ધીના આઠ ગુણો લખ્યા છે સુશ્રષા એટલે કરણ શ્રવણ એટલે સાંભળવું, સત પદાર્થોનું ગ્રહણ કરવું, ધારણ કરેલા પદાર્થો નું ગ્રહણ કરવું, તે ધારણ કરેલા ધર્મનો ઉપદેશ કરવો, તરક ને દુરકરવો, અને પ્રયોજનથી નિશ્ચય કરી બ્રહ્મ તત્વ ને જાણવું તે આઠ ગુણ બુધ્ધિના છે

માણુસો ને બુધ્ધિ રૂપી પદાર્થ આપ્યો છે

અને તેને આઠ ગુણ વાળી કરીછે બુધ્ધિ એક હીરા સમાન છે જયારે બુધ્ધિ નું સ્વધર્મના પુસ્તકોમાં ખેડાણ થાયછે ત્યારે તેનો અધિક પ્રકાશ થાયછે જેમકે ખાણમાંથી કાઢેલા હીરા ને સંગાડા ઉપર ચઢાવી સાફ કરવામાં આવ્યા પછી તે વધારે તેજ વાળો થાયછે તેમજ જ્ઞાન રૂપી આંખોથી જે વિદ્વાન પોતાનાં સ્વધર્મ નો અનુભવ મેળવેછે ને પોતાના ધર્મમાં જેકાંઇ ફરમાવેલું હોયછે તે દ્રઢ મનથી પાળેછે જેથી તેનું ભાષણ ત્થા મન સદા ચોખું અને સાવધ રહેછે જેથી ધર્મમાં કહેલા સર્વે પુન્યની પ્રાપ્તી નું ફળ પામેછે

મહાન પુરૂષોએ જે મારગ બતાવેલો છે તે મારગ સર્વદા કલ્યાણ કારીછે. સતસંગ સત શાસ્ત્ર નું મનન કરવાથી બુધ્ધિ ચોખી થાયછે. સાધુ પુરૂષો કે ભકત કે સત પંથી લોકોની ઉત્તમતા સતમાર્ગે ચાલવાથી થઇછે.

દેવતાઓના મૂળ વિશ્ણું છે વિશ્ણુંનું મુળ સતપંથ ધર્મ છે જે માણુશ તે સતપંથ ધર્મનું સેવન કરેછે તેજ મોટો ઉત્તમ પુરૂષછે અને તેવા પુરૂષના લક્ષણુ ઘણાજ ઉંચા પ્રકારના છે.

જે શાસ્ત્ર પ્રમાણે ચાલતો હોય સહુન સીલ હોય સર્વ જીવ પ્રાણી ઉપર ભ્રાતુ ભાવ રાખતો હોય અને શાંત પૃકૃતિ વાળો હોય તે સાધુ પુરૂષ કહેવાયછે જે સતપંથ દીનના પુસ્તકો નું શ્રવણ કરે અને ખુદાવંદમાં પોતાનું મન લગાડે છે, તેને સંસાર તાપ લાગતો નથી સર્વ સંગનો ત્યાગ કરવા વાળો સાધુછે. સાધુ સંગથી દોશ નિવારણ થાયછે. કામ ભોગની ઇચ્છાથી રહીત અને ખુદાઇ સ્મરણમાં જેનું ચિત પરોવાયલું હોય તેને ઉતમ ભકત જાણવો જે માણુસ પલમાત્ર પણ ખુદાની બંદગીથી વિરક્ત નથી. અને ધન સંપતિ નો ત્યાગ કરી પાક પરવરદીગાર ને મેળવવાનો રસ્તો શોધેછે.

તેનેજ મહા સતપંથી કહેછે.

અપેક્ષા રહિત શુદ્ધ અંતઃકરણ વાળો ઉદાશીનતાથી રહિત અને સર્વનો ત્યાગ કરના વાળો મારો ભકત મને વહાલોછે તેવુ શ્રી કૃષ્ણજીએ ગીતામાં કહેલું છે

જે માણુસને શત્રુ અને મિત્રો પર સમભાવ છે માન અપમાન સમાન છે. સુખ દુઃખને સમાન ગણેછે. અને અહોનીશ ખુદાના પ્રેમમાં લિન રહી મૌન વૃત ધારણ કરેછે તે મારો ભકત મને બહુ પ્રિયછે.

જે માણુસમાં આવા લક્ષણો હશે તેજ સત પંથી કહેવાયછે સારી બુદ્ધિ સર્વ ધર્મનુ મુળછે બુદ્ધિથી સત્ય અસત્ય પારખવાની શકિત આવેછે. વળી બુદ્ધિથી ધર્મના તત્વો જાણુવામાં આવેછે.

# (૮) વિદ્યા

જે વિદ્યા થી આત્મજ્ઞાન વળી ઈશ્વરને ઓળખાય અથવા જેનાથી યથાર્થ પદાર્થનું જ્ઞાન થાય તેને વિદ્યા કહેછે. સર્વ કર્મમાં આત્મ જ્ઞાન એ સૌથી શ્રેષ્ટમાં શ્રેષ્ટ મોક્ષનું સાધન છે. સર્વ વિદ્યામાં એ વિદ્યા મોટીછે. કારણ કે તેથી મોક્ષ પ્રાપ્ત થાયછે. અરે મનુષ્ય! વિદ્યા ભણી આત્મ જ્ઞાન ની ખોજ કર અને તેનું ચીંતન કર એજ આપણું કલ્યાણ કરવા વાળુછે. જેમ કે જે પુરૂષ વિદ્યા અથવા અવિદ્યા બનેને જાણે છે. તે અવિદ્યાથી પ્રાપ્ત થતાં સંસારનો નાશ કરી મોક્ષ પદ પામેછે; વિદ્યા રૂપી નેત્ર જેને નથી તેને ગમે તેટલા મોટા નેત્રો હોય તોપણ તે નેત્રો તેને કાંઇ પણ ફળ દાતા નથી. જ્ઞાન ચક્ષુ એ હમેશા ફળ દાતાછે. તેવિષે આપણા જ્ઞાને શરીફમાં ફરમાવ્યું છે.

# કલામે પીર

બે બે લોચન સરવને,
વિદ્યા લોચન ત્રણ;
સપુત લોચન ધરમીને,
જો જો વિચારી જન.
લાખ લોચન જ્ઞાનના,
તેનો અંત નહી પાર;
આત્મા તત્વ ઓળખીને,
જે છે સાર માંહે સાર.

રાજા રઘુને કાન શુધી બે મોટી આંખો હતી. પરંતુ શાસ્ત્રોથી શુક્ષ્મ કામોને જોઇ શકતા હતા અને અંતઃકરણુની ગુપ્ત વાતો જાણી જતા હતા માટે બાળક જુવાન વૃદ્ધ થઈ જાય તોપણુ વિદ્યાનો સંગ્રહ કરે વિદ્યા શીખવાથી બ્રહ્મ લોકનો અધિકારી બનેછે; ત્યાં પૈશા વાળા લોક જઇ શકતા નથી કારણુ

કે વિદ્વાન છે તે સકળ ગુણ સંપન્ન હોયછે. મુર્ખ માણુસ દોશવાન છે તેટલા માટે હજારો મુર્ખ કરતાં એક વિદ્વાન ઉત્તમ ગણાયછે. મનુષ્યની વિદ્યા એજ મોટી કિર્તી અને વિદ્યા એ ગુપ્ત ધનછે પરદેશમાં બંધુ સમાન છે. વિદ્યા શ્રષ્ટ દેવતાછે. વિદ્યાનો સત્કાર રાજા લોક ને ત્યાં થાયછે, વિદ્યા ઘણુંજ ઉત્તમ ધન છે. જે દાનથી પણ અધિકછે.

જુઓ રાજા માનધાતા, જનક, અંબ રીશ, આલોકો વિદ્યા શીખવાથી આલોક અને પરલોકના સુખને પામ્યા હતા, વળી ભિષ્મ પિતાએ બાળપણુમાં એવો વિદ્યાભિયાસ કર્યો કે સ્રીપ્રસંગ ત્યાગ કરીને રાજ્ય મુકી આપ્યું, ને વિદ્યાના બળે કરીને સંસાર માં વિખ્યાતી પામયો; જેણે મહા ભારતનાં યુદ્ધ માં શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા ભંગ કરાવી, પોતાની પ્રતિજ્ઞા સત્યવિદ્યાના બળાથી સિદ્ધ કરી; પોતા

ની મરજી પ્રમાણે મૃત્યુ વખતે કુરૂક્ષેત્રમાં શરશયામાં શયન કર્યું, ત્યારે, વ્યાશ, નારદ, આદી શર્વ મોટા મુનીઓ ભિષ્મ પિતાની પાસે આવ્યા, અને રાજા ધરમને તેડી શ્રી કૃષ્ણ ભગવાન આવ્યા, તે વખતે ભિષ્મ પિતા એ, રાજધર્મ, દાનધર્મ, વર્ણધર્મ, અને મોક્ષધર્મનું તત્વ વિસ્તારથી સમજાવ્યું, પછી ધ્યાન યોગ, સમાધી કરી પોતાની મરજીથી દેહનો ત્યાગ કર્યો, અને સર્વના દેખતાં બ્રહ્મ તેજ શ્રીકૃષ્ણ માં લય પામ્યા. એવા મોક્ષ પામેલા ને કિર્તી આજ દીવશ સુધી વિખ્યાત પામી છે. મોટું આશ્ચર્ય એ છે કે માણસ ઉત્તમ બ્રહ્મવિદ્યા ગ્રહણ કરતાંનથી; જેથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ, પ્રાપ્ત થાય, તેજ પુરૂષ ઉત્તમ ગણાયછે. જે માણસ દરરોજ સત્ય કર્મોનુ સેવન કરેછે. અને વિદ્યા લાભમાં પોતાનો વખત ગાળેછે, તે પુરૂષ ઉત્તમ ગણાય છે.

મુરખ તે છે જે વિદ્યા શીખતો નથી, અને પરમાત્મા ને જાણતો નથી, અને નિંદા, લડાઈમા પોતાનો વખત વ્યતિત કરેછે. વિદ્યા રૂપી ધન નોલાભ બીજા કોઇ પણ લાભ કરતાં અધિકછે; માટે વિદ્યા રૂપી ધન પ્રાપ્ત કરી હમેશાં સત શાસ્ત્રનો અભિયાશ કરવો કે જેથી ઉતમ બ્રહ્મજ્ઞાન (મારફત) પ્રાપ્ત થાય, જેના લીધે મોક્ષ, દિદારનું ફળ મળેછે.

# (૯) સત્ય.

## સાચું બોલવું. વળી છળ કપટથી દુર રહેવું

સત્ય એટલે પોતાની બુદ્ધીમાં ઇંદ્રી દ્વારા સ્થુળ, શુક્ષ્મ અને કારણ તથા સૃષ્ટીની જડ અને ચૈતન્ય રચના જેના રૂપ અને ગુણના

ળી પોતાને એટલે પોતામાં રહેલા દષ્ટાને જણાઈ અથવા સ્ફુરણ અથવા અંતઃકરણ માં સ્વાભાવિક ઊઠીને તે સર્વનું સમૃતિ જ્ઞાન જેવા જેવા રૂપમાં અને ગુણમાં થાય તેજ રૂપ અને ગુણમાં મનન કરવું. સત્ય વાદી પર સર્વ ભરોશો રાખેછે. સર્વ દેવતાઓ અને ખુદાવિંદ પણ સત્યવાદી ઉપર પ્રસન્ન રહેછે સત્યથી ધન તથા આયુશ વધેછે, સત્ય વાદી માં ખુદાઈ તેજની વૃદ્ધિ થાયછે. સત્ય અપ રમ તપછે, સત્ય રૂપી વૃત પાળનારનું ઇશ્વર રક્ષણ કરેછે.

મનુષ્યોમાં રાજા યુધિષ્ઠિરે સત્ય બોલવા ની પ્રતિજ્ઞા લીધી હતી. જેથી આલોકમાં અને પરલોકમાં મોટી કિર્તી થઇ. અંતે સ્વર્ગ માં મોક્ષ પદને પામ્યા, એજ પ્રમાણે રાજા હરિશ્ચંદ્ર ની કિર્તી પણ જગ પ્રસિદ્ધછે, મનુ ષ્ય પ્રાણીનો ધર્મછે, કે પ્રતિજ્ઞા પુર્વક મન,

વાણી અને કાયાથી સત્ય કમ કરવું કોઇને વચન કે ભરોશો આપ્યો તો તે પુરો કરવો સત્ય પાલન કરનારની આવરદા, ધન, અને ધર્મમાં કદી પણ હાની થતી નથી, આ ઉપ રથી એક દ્રષ્ટાંત નીચે પ્રમાણેછે.

સત્ય વાદી નામે રાજા હતો તેણે પોતાના નામ પ્રમાણે એક કામ આરંભ્યું હતું, સર્વે લોકોને જાહેર કર્યું હતું કે જે વેપારી પોતાના ગામમાં આવેને સાંજ સુધીમાં તેનો માલ વેચાતો જેટલો બાકી રહે, તે પોતે ખરીદવાને કબુલ્યું હતું, એ પ્રમાણે ઘણા વખત સુધી ચાલ્યું. એક વખત એક લુહાર એક લોખંડની શનીશ્ચર દેવતાની મુરતી કરી લાવ્યો, અને ગામમાં વેચવા ઉભો, કિમત એક લાખ રૂપીઆ કહેવા લાગ્યો, અને તેનું ફળ બતાવ્યું કે જે માણસ આ મુરતીને લઇ પોતાના ઘરમાં રાખશે તેને, ધર્મ લક્ષ્મી, યશ

અને કર્મ નો નાશ થઈ જશે અને તેના ઘરમાં અધર્મ દાળિદ્ર, અને અપજશ નો વાસ થશે એવું તેનું ફળ સાંભળી કોઇએ તે મુરતી ખરીદી નહિ. ત્યારે સાંજ પડતાં રાજા પાસે ગયો, અને માંગણી કરીકે તમારા સત્યવાદી ના વૃત પ્રમાણે આ મુરતી ખરીદ કરો, રાજાએ મુરતીના ફળની વાત સાંભળી મુરતી ને ખરીદ કરી પોતાનાં ઘરમાં રાખી, હવે એક પહોર રાત્રી જતાં રાજા પોતે સુવાને ગયો, અને અડધી રાત થઇ એટલામાં એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરી રાજની લક્ષ્મી સામે આવી ઉભી રાજાએ પૂછ્યું તું કોણછે? ત્યારે તે બોલી કે હું આપની રાજ્ય લક્ષ્મી છું. હવે આપના ઘરમાં શનિશ્ચર આવ્યા, એટલે મારૂં શું કામછે? હવે મારી બેન દરિદ્રતાનો અંહીં વાસ થશે એમ કહી તે ચાલી ગઇ, પછી ધર્મ આવ્યો તેને રાજાએ

પૂછ્યું કે તમો કોણુછો? તે બોલ્યો કે હું તારૂં ધર્મછું હવે શનિશ્ચર આવ્યો, એટલે હું જાઉંછું એ પ્રમાણે યશ અને કર્મ પણ રાજા પાસે વારા પૂરતી આવી ચાલી ગયા, પરંતુ રાજાએ કોઇને રોકયા નહિ. છેવટે સત્યે આવી ચાલતી પકડવા માંડી, ત્યારે રાજા એ ઊઠીને તેનો હાથ ઝાલ્યો, કે આપ કયાં જાઓછો? મેં આપને રાખવા સારૂતો શનિશ્ચ રને ખરીદ્યાછે, કારણકે જો તેમ નહિ કરતે તો મારૂં સત્ય જતું રહેતે, ત્યારે તમારેતો અહીઆંજ રહેવું પડશે. લક્ષ્મિ વિગેરે ગયા તો ચિંતા નહિ. તેમને જવાદો સત્યથી કાંઇ ઊત્તર વાળી શકાયો નહિ, અને અંતે રહેવું પડયું. જયાં સત્યતા રહી તો પછી લક્ષ્મી, ધર્મ, કર્મ સર્વે પૂરી પ.છા આવ્યા. રાજાને સત્ય પ્રતિજ્ઞા હતી તો શનીશ્ચર થી કાંઇ થયું નહિ. માટે મનુષ્ય પ્રાણીઓએ સત્ય

વ્રત પાળવું જોઇએ, સત્યથી આત્મા શુદ્ધ થાયછે.

આ ઉપરથી સમજવું કે દેહ રૂપી ગુફા માં અસત્ય રૂપી શત્રુનો વાસો કદી પણ થવા દેવો નહિ. જે મનુષ્યની આંખમાં ઝેર અદે ખાઇ કે કુસપે વાસો કર્યો તો ખાતરીથી જાણવું કે તેની હાલત નબળી પડી નાશ જલદી થવાનો. આપણા લોકને દુઃખ થવાનું મુળજ તેછે, માટે અસત્ય નો ત્યાગ કરી સત્યનો મારગ પકડતાં અંતે જે લાભ મેળ વવાનોછે, તે મળેછે.

# (૧૦) અક્રોધ

## ક્રોધ કરવો નહિ

ક્રોધનું કારણ મળવાથી પણ ક્રોધ ન કર

વો, કોઇએ નિંદા કરી વા કોઈ મારવા આવ્યો હોય તે સમયે જે ક્રોધ થાય છે, તેને શાંત પાડવો તેને અક્રોધ કહે છે, મનુષ્ય ક્રોધથી ન કરવાના કામ કરેછે. જેમકે ક્રોધ કહેછેકે, હું સંસારને આંધળો અને બહેરો કરી મૂકું છું અને ધીર, સચેતનને, અચેતન કરૂંછું. ક્રોધી પોતાના કર્તવ્ય કર્મને દેખતો નથી, એટલુંજ નહિ. પરંતુ પોતના હિતને પણ જોતો નથી. વળી બુદ્ધી વાન શિખેલી વિદ્યા ને પણ ધારણ કરી શકતો નથી, ક્રોધને વશ થવાથી, સર્વના નેત્ર આંધળા થઇ જાયછે. અને બધા માણસો પોતાની ધીરજનો નાશ કરેછે. વળી પાપમાં પ્રવૃતિનું કારણ કામછે. અને કામ એજ ક્રોધછે. કારણકે કોઇએ કામ નો ભંગ કરવાથી કામજ ક્રોધનું સ્વરૂપ ધારણ કરેછે. ને રજોગુણ ઉતપન્ન થએલો કોઇ દીવશ પુર્ણ થતો નથી, એવો તે ઉગ્ર છે.આ

કામ મોક્ષ માર્ગમાં વેરી થાયછે.

વળી કામ વૃતિથી ઉત્પન કરનારા દશ પ્રકારના વ્યસન તે નીચે પ્રમાણે છે.

૧ મૃગ્યાએટલે શિકાર ૨ અક્ષા એટલે જુગઠું અથવા જુગાર ૩ દિવાસ્વપ્ન એટલે દિવસે ઊંઘવુ ૪ પરિવાદ એટલે પારકી નિંદા ૫ સ્ત્રિય એટલે સ્ત્રીઓ સાથે ભોગ કરવામાં અનિતીથી ચાલવુ ૬ મદ એટલે રંગ પાનથી ચડેલો નીશો ૭ તોર્યત્રીક એટલે ગાયન નૃત્ય વાજીંત્ર વિગેરે ૮ વૃથાટયા એટલે નકામાં ભમ્યા કરવું તે ૯ પૈશુન્ય એટલે એકની વાત બીજાને કરવી ૧૦ સાહસ એટલે વગર વિચાર્યું કરવુ તે ૧૧ દ્રોહ એટલે કપટ કરીને મારવું તે ૧૨ ઇર્ષા એટલે અદેખાઇ બીજાના સારા ગુણો સહન ન થવાથી તેના દોશ પ્રગટ કરવા તે અસુયા નિંદા અર્થ દુષણ એટલે પારકી મીલકત હરણ કરી લેવી વાગદંડ

એટલે ગાળો દેવી પારૂષ્ય એટધે કોઇને મારવા દોડવું એટલા દુરગુણો ક્રોધમાંથી ઊત્પન થાય છે. વળી ક્રોધથી મન અવ્યવસ્થિત રહેછે. અને નિરંતર બળ્યા જેવું મન રહેવાથી વિવેક રહિત અને જ્ઞાનહિન થવાયછે. અને તેથી સઘળા કાર્યો બગડેછે, એજ અંધકારરૂપી અજ્ઞાનનું મૂળછે. ક્રોધી માણુસને શાંતી કદાપી થતી, નથી તેથી ધર્મના કામો એકાગ્રહ મનથી થતા નથી, અનેક જાતના સંકલ્પ વિકલ્પ ઉઠયા કરેછે જેથી કરેલા સઘળા કર્મો વ્યર્થ જાયછે, માટે સઘળા કામોમાં ક્રોધ રહિત થઇ શાંતી અને વિવેકથી વર્તવાનો અભ્યાસ રાખવાની અવષ્ય જરૂરછે.

ઉપરની દશ બાબતો જયાં સુધી પળાતી નથી ત્યાં સુધી જપ, તપ, દાન, દર્શન, વિગેરે કરવું સફળ નથી એમ માનવાને કશો વાંધો નથી, આએ સતપંથ ધર્મ પાળવો તે

ખાંડાની ધાર ઉપર ચાલવાથી પણ ઘણુંજ કઠણ છે, અને તેમાં ઘણી વિપતિઓ આવે છે, તેમાં દુર્જનોથી ઘણાજ અપવાદો સહેવા પડેછે તેથી એથી ડરવાનું નથી, માટે નિર્ભય થઇને ધરમ પળાય તોજ સર્વ કામનો ઉદય થાય સારા કામોમાં હુજારો વિઘ્નો આવેછે, પણ તેને ન ગણકારતાં પોતાનું કામ બરાબર સિદ્ધ કરનારા વિરલા નરો જોવામાં આવેછે.

માણુસ વિઘ્ન થશે એવી બીકથી કામનો આરંભ નથી કરતા તેઓને નબળા મનના સમજવા, જેઓ કામનો આરંભ કરી વિઘ્નનો ધકો લાગવાથી કામ પડતું મુકેછે તેઓ મધ્યમ સમજવા અને વારંમવાર વિઘ્નો નો ધકો લાગવા છતાં આરંભ કરી કામને છોડતા નથી તેઓ ઉત્તમ માણુસો છે, આથી એમ સમજાય છેકે, નિર્ભય થઇ ઉપર લખેલા સ્વધર્મમાં ચાલવું, એમાંજ ઉત્તમતા રહેલીછે, ગ્રંથો લખવાની

દરશાન કરવાની, કે સરોવર કુવા વિગેરે પરો પકાર સારૂં ખોદાવવાની કે ધર્મશાળા વિગેરે ચણાવવાની અને પાઠશાળાઓ સ્થાપવાની પણ ત્યારેજ ખરી સાર્થકતા થાય કે જયારે ઊપર લખેલા દશ પ્રકારના ધર્મોના લક્ષણો પળાય.

# ૧૩. દુઆ.

## કલામે પીર.

જીરેભાઇ સંજયા વેળા મત કોઇ ચુકો
એછે ગુરની એંધાણીજી
એ વેળા તમને દિધી,
કીધી તે દીનની બારી. હરી

### મતલબ

સતગુર પીર હશન કબીરદીન સાહેબ ફરમાવેછે, કે આપણા ઈસમાઈલી દીનમાં મુખ્ય પાંચ રસ્તાઓ શરૂઆતમાં પાળવાના છે. તે પાંચ પવિત્ર કીયામાંથી પહેલી કીયા, જ્યારે દિવશ પુરો થઆ પછી, અને રાત શરૂ થઆ પહેલાં, જેવેળા રહેછે, તેને સંજયા વેળા કહેછે, તે વેળાએ જમાત ખાનામાં

આવી ગત જમાતની સાથે સાંજીજી દુઆ પડવી. સતગુર ફરમાવેછે કે એ વેળા કોઇ પણ માણસે મુકવી નહિ જોઇએ, દુઆ પડવાને જમાત ખાના માં જયારે વખત થાય ત્યારે આવવું, અને તે વખત નિખાલશ દિલથી જો આવીએતો રસ્તામાં જેટલાં ડગલા ચાલ્યા હોઇએ, તે ડગલે ડગલે ઘણું જ પુન્ય હાંસલ થાયછે. જયારે દુઆ પડવા બેસીએ ત્યારે મનને દુનીઆના ખીઆલથી છુટું રાખવું, ને દુઆ પડવી, જેટલા દુઆ પડવા આવેલા હોય તે બધા દુઆ પડે તેનો એકેકા બંદાને સવાબ થાયછે. જેથી જેકોઇ બંદો તે વેળા પ્રમાણે બરાબર હાજર થાયછે, તે સતપંથ દીનના પહેલા દરવાજા માં દાખલ થયેલો ગણાયછે. હવે બીજી વેળાને માટે સતગુરૂ જ્ઞાને શરીફમાં ફરમાવેછે.

---

# કલામે પીર

જીરેભાઇ બીજી વેળા એહીજ જાણો,
રાત ઘડી છ ગઈ જાણોજી
તેતો બારી દરગા તણી,
ગુરથી થાઓ હુશિઆર. હરી

## મતલબ

સતગુર પીર હશન કબીરદીન સાહેબ ફરમાવેછે કે બીજો વખત રાત છ ઘડી ગયા પછી, જે દુઆ પડાયછે તેને સુમણી ની દુઆ કહેવામાં આવેછે. તે વખતે જે દુઆ પડેછે તેને દરગાહ (હજુરમાં) માં પહોંચી દીદાર કરે તેટલો ફાયદો થાયછે, માટે હે મોમીન તે વેળા બરાબર સાચવવી જોઇએ જેથી ઘણુંજ પુન્ય થાયછે. એવી રીતે ત્રીજી વેળા ને માટે સતગુરૂ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

# કલામે પીર

**જીરેભાઈ ત્રીજી વેળા સંજયા પાછલી જાણો**
**ખટ ઘડી પરમાણોજી,**
**એ બારી સરગની ભણીએ**
**સેવેતે ગુર નરને હાથ.**

## મતલબ

સતગુર પીર હશન કબીરદીન સાહેબ ફરમાવેછે કે, ત્રીજો વખત રાતના બે વાગા પછીથી તે રાતના પાંચ વાગા શુધીનો વખત તે શબુનો વખત સમજવો તેટલા વખતની અંદરમાં બંદગી કરવી તથા પાક ઘટપાટની ધુઆ પડવી અને ખાકેશફા (ન્યાજ) પીવું જેથી ઘણોજ સવાબ થાયછે. જે કોઇ મોમીન સવારમાં વહેલો ઉઠીને ખુદાની બંદગી કરેછે, તે પુરૂષના મોઢા ઊપર રોશની પ્રગટી નીકળેછે. મોલા કલામમાં ફરમાવેછે કે,

# કલામે મૌલા.

મોમન મોહ ઉપર નુર અદકેરા,
જો બીચ રાત ઉઠ કરે કમાઇ;
રાતકી બંદગી દિનમેં દીશે,
કે કરન હાર કે મોહ ઉપર હોવે રોશનાઇ.

## મતલબ

હજરત મૌલા મુરતઝાઅલી શ્રી જુબા નથી ફરમાવેછેકે, જે બંદા વેલા ઉઠી બંદગી કરે અને પોતાના કરનહાર કીરતારની દરગામાં બંદગી ગુજારે તેના મોંઢા ઉપર રોશની થાયછે, અને તેનું અંતઃકરણ ચોખું થાય છે.

આ જગત ખુદાવંદે પેદા કર્યું છે. ખુદાવંદ તાલા આપણો માલેકછે. આપણે સરવે ખુદા તાલાના મખલુક બંદા છીએ, અને તે ખાવીંદના તાબેદાર ગુલામ છીએ, ખુદાવંદ

તાલા અને બંદાઓની વચમાં એક જાતનુ સગપણ છે. ખુદાવંદ તાલા આપણો માલેક આકા છે. અને આપણે તેની બનાવટના બંદા છીએ, સર્વે બંદા ઉપર ખુદાવંદ તાલાને રબુબીયત એટલે માલેકીનો હકછે, દુનિઆના સર્વે ધરમોમાં ખુદા વંદની માલેકીનો હક અદા કરવા સારૂ કોઈ કોઇ જાતની ક્રીયાઓ ઘડવામાં આવીછે.

જેની મારફતે એક બંદો પોતાના માલેક ખુદાવંદ તાલા તરફની, પોતાની ફરજ અદા કરેછે એવી ક્રીઆઓને પ્રાર્થના, પ્રેયર, બંદગી, નીમાજ, દુઆ સંધ્યા, વિગેરે વિગેરે જુદા જુદા નામથી અનેક દેશ જાતી પ્રમાણે નામ આપેલાછે, સરવે જાતોની બંદગીઓની ક્રીયાંઓ જુદી જુદી જાતની દેખાઇ છે. છતાં પણ સર્વેનો અંતર હેતુ એક સરખોજ હોયછે.

ખુદાવંદ તાલાની બંદગી ગમે તે રૂપ માં કરવામાં આવે તોપણ સરવેમાં પાંચ મુદા સમાએલા છે, (૧) ખુદાવંદ તાલાની તારીફ, (૨) બંદાની તકસીર તથા તાબેદારી, (૩) ખુદાવદ તાલાની બીજી ખલકત શારૂ નેક દુઆઓ માંગવી, (૪) ખુદ પોતાના ઉપ ર ખુદાવંદની રહેમ માંગવી, (૫) ધરમના ઉપરી તરફ વફાદારી દેખાડવી.

જગતમાં ભક્તિના અનેક પ્રકારોછે. આપ ણા પાક શિઆ ઇમામી ઇશમાઇલી મજહબની બંદગી જે રૂપમાં આપણા ધણીરૂ પીર શદ રદીન સાહેબ ફરમાવેછે, તેને દુઆ એવું નામ આપેલુંછે, સતગુર પીર સદરદીન સાહેબે શીખ વેલી પાક ધુઆમાં ઉપરના પાંચે મુદા ઘણીજ વાજબી રીતે અમલમાં આવી શકેછે, ને ઘણી અસરકારક રીતે દુઆમાં સઘળા મુદાનો સમાવે શ થાયછે, આપણા પાક શીઆ ઈમામી ઈશ

માઇલી મઝહબમાં મહાન બોધ ગુરૂ પીર શાહ રદીન સાહેબે આ દુઆ પડવા ફરમાવીછે તે સૌ બંદગી કરતા ઉત્તમ છે એવું સાફ માલમ પડેછે દરેક ઇસ્માઇમાલી મોમીન ઊપર વાજબ છેકે, 'એક દીવશમાં ત્રણ વખત દુઆની બંદગી ગુજારે, જો સારે નશીબે ગત ગંગામાં જઈ દુઆ ગુજારે તો જેટલા માણુસો ત્યાં આવીને એકઠા થયા હોય તે સર્વેની દુઆનો હીસ્સો મળેછે. અને માહાન પુન્ય હાંશલ કરેછે, જેવો પ્રસંગ હોય તેવી રીતે કરવું, .પરંતુ એક દિવશમાં ત્રણ વખતની દુઆ ચુકવી નહિ, અગર કોઇ માણુસ મુસાફૂરીમાં હોય, અથવા લાચાર હાલતમાં હોય, અથવા દુઆ મોઢે આવડતી નહિ હોય, અથવા દુઆ ગુજારવાનું બની નશકે, તોપણ તેને બદલે બાર તશબી "પીરશાહ" ના નામની કાઢવી, પીર શાહ એ "અલી, નબી" અને

તેના જાંનશીન. ઇમામ દુનિઆમાં જાહેર હોય છે, આપણે આપણા જમાનાનાં હાજર ઇમામ ની બંદગી કરવી, જેનો વારો તેની આણ, એ કહેવત પ્રમાણે આપણા જમાનાના હાજર ઈમામને આપણી બંદગી, એજ મોજુદ નુર ને અરપણ કરવામાં સૌથી વધારે પુન્ય હાંશલ થાયછે, આપણી પાક દુઆમાં સતર સીજદા છે, અને એ સતર ઠેકાણે એ પાક ઈમામના ખુદાઈ નુરને આપણે શુજદો કરીએ છઇએ, તો આપણે આપણા રૂંહને નજાત આપવા સારૂં આપણી ફરજ છે કે ત્રણ વખત દુઆ પડવી.

# ૧૪. સેવક.

## કલામે પીર

સેવક તેજે સેવા સાર,
હરી જપતા લંઘે પાર;
પરિબ્રહ્મ વાચા પાલે જેહ,
સાચા સેવક કહિએ તેહ;
જ્ઞાન જોત ગુરથી ધરે,
પ્રેમ વિધી જીવતા મરે;
સતગુર વાચા પાળે જેહ,
કહેગુર સોહદેવ સાચા સેવક
કહિએ તેહ.

### મતલબ

સતગુર પીર સદરદીન સાહેબ ફરમાવે છે
કે, સેવક એટલે ધણીની શેવા કરનાર. સેવકના

શુભ હમેશા એવા હોયછે કે, પોતાના સતગુરૂ ના ફરમાન પ્રમાણે ખુદાવંદતાલાનું ભજન કરેછે, તથા જે જે વખતે પોતાના સ્વામીનો હુકમ થાયછે. તે હુકમને માથા ઉપર ઉઠાવેછે. તેમાંજ પોતાનું સાર્થક સમજેછે, તન, મન, ધન, થી જેટલી બને તેટલી શ્રેવા કર્યા કરેછે. ને તેની પાસેથી જે કાંઈ ખુદાને મળવાનો રસ્તો બક્ષીસ તરીકે મળ્યો હોય તે વિધી પુર્વક પાળે છે. તે આ સમુદ્ર રૂપી સંસાર ને તરીને પેલે પાર ઉતરી જાયછે,અને જે નુર ખુદાનુ સૃષ્ટીમાં એક પછી એક રૂપમાં જલવાગર થઇને ચાલતું આવેછે, ને પોતાના જમાનામાં એવો ઇમામ હૈયાત અને કાયમ હોય તેના ફરમાન ઉપર ચાલે તોજ તેને ખરો સેવક કહેવાયછે બાકી નામના શેવક હોયતે શું કામના ? એવા સેવક થી પોતાના વડા ધરમગુરૂના વચનો ઉપાડી શકતા નથી ને લખચોરાશીના ફેરામાં પડેછે,

જે શેવક ખરેખરો હોય તે જ્ઞાન રૂપી બતી લઈ ખરો રસ્તો શું છે તે શોધી કાઢેછે, વળી તેમાં પ્રેમ પણ ભરપુર હોયછે, તેના લક્ષણુ મરેલા માણુશ જેવા હોયછે, જીવતો છતાં પણ કોઈ પ્રકારનું કોઈ પ્રાણીને નુકશાન કરતો નથી દરેક ભુત આત્માનું ભલું કરેછે, અને સતગુરૂના વચનો ઉપર શ્રધા રાખીને પોતાનો કાળ વ્યતિત કરેછે, તેવાજ શેવકને આદગુરૂ બ્રહ્મા પીર સદ્દરદીન સાહેબે સેવકની ઊપમાં આપેલી છે.

હે મુમુક્ષ જન! આપણે પણ તે ઉપરથી ધડો લેવા જોઈએકે, જ્યારે આપણે આપણા હાજર ઇમામને મુરીદી પણાનો કોલ આપ્યો છે ત્યારે આપણી ફરજછે, કે અહોનિશ તેના હુકમને તાબે રહેવું જોઇએ, કારણકે આપણો રૂંહ કેવી રીતે મોક્ષ પામશે, તેની સમજણ સતગુરૂ હાજર ઈમામનેછે. તેથીજ આપણે તેઓના ફરમાન પ્રમાણે ચાલવાની

જરૂરછે, જો ન ચાલીએ તો આ દુનિઆના માયા વિ ચક્રમાં ફૂસાઇને લખ ચોરાશી ફેરામાં ફરવું પડે, અને તે દુઃખ ઘણાજ ભયંકરછે, માટે આપણો જીવ છોડવવા ઈચ્છા હોય તો ગમે તેવુ કઠણુ ફરમાન હોય તે પાળવું તે આપણો મુરીદનો ધર્મછે, તેને માટે એક દ્દષ્ટાંત છે,

કોઇ મહાત્મા ફરતા ફરતા એક ગામને પાર આવી રહ્યા. ગામમાંથી ઘણા માણસો હમેશાં સતસંગ કરવા આવતા હતા, તેમાં એક લક્ષાધિપતિ વાણીઆનો છોકરો પ્રભુના વખાણુ સાંભળતો, જેથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તે છોકરો આખો દીવસ મહાત્મા ની પાસે બેસે ને શ્રેવા કરે મહાત્મા પાસે હરિ કિર્તન સાંભળે, છોકરાના બાપે જાણ્યું કે આમ થવાથી છોકરો બગડી જશે ને ઘર તજી સાધુ થઈ જશે માટે પોલીશ

ની મદદ લઇને મહાત્માને ગામમાંથી રજા દેવડાવી તથા છોકરાને માથે તોહમત મુકીને કેદમાં નંખાવ્યો, આઠ પંદર દીવસ થયા એટલે કેદમાંથી બહાર કઢાવ્યો, છોકરો મનમાં સમજ્યો કે મને મહાત્માથી જુદો પાડવા મારા પીતાએ આ ઘાટ ઘડયોછે, કેટલાક દીવસ મનમાં સમજી રહીને પછી કોઇ વાત જાણેનહિ તેવી રીતે લાગ ફાવતાં થોડી ઘણી વાટ ખરચી લઇ મહાત્મા જયાં હતા ત્યાં પછવાડે પહોંચી ગયો, મહાત્માએ પૂછ્યું બચ્ચા તું આંહી કેમ આવ્યો? ત્યારે છોકરે કહ્યું મહારાજ તમારી શ્રેવા કરવા, મહાત્માએ ઘણુજ સમજાવ્યું, પણ વણિક પુત્રમાં શ્રધા ઘણીજ હોવાથી પાછો ઘરે ગયો નહિ. મહાત્માએ જાણ્યુંકે આ સુપાત્રછે. માટે પોતે પોતાને ઓળખે અને ખુદાઇ નુરના દરશન થાય, તેવી દરેક ચીજ તેને વખત

આવે આપશું, તેવો વિચાર કરીને તેને પાસે રાખ્યો, હવે વણિક પુત્ર એક ધ્યાન થી, પુર્ણ શ્રદ્ધાથી મહાત્માની શ્રેવા કરવા લાગ્યો, તે સાથે શાસ્ત્રોનો અભ્યાસ પણ ધ્યાનથી કરવા લાગ્યો એવી રીતે થોડા સમ ય વિતી ગયો, ત્યારે મહાત્માએ જાણ્યું જે હવે આ વણિક પુત્ર બ્રહ્મ જ્ઞાનને પ્રાપ્ત થયો છે, તો તેને વિદ્યા આપવી, પણ મારે તેની પરિક્ષા કરીને પછી આપવી એવો વિચાર કરી યોગ બળથી પોતાની કાયા રોગ વાળી બનાવી દીધી, આખે શરિરે લોહી પરૂ, અને દુર્ગંધનો પાર નહિ, તેમજ તાવ ઉધરશ અને શરીરમાં જીવડા પડી ગયા, આવી કાયા થઈ તોપણ ચેલો (વણીક પુત્ર) એક મન થી તેમની શ્રેવા કરવા લાગ્યો, દિવસમાં બે વખત નવરાવે, પથારી સાફ રાખે, અને દરેક પ્રકારથી પોતાના ગુરૂની ચાકરી બર

દાશ કરે, વળી ગામમાંથી ભિક્ષા માંગી લાવે, અને ખવરાવે, એવી રીતે કરતાં ઘણા દિવસ ગયા, મહાત્માએ એવી પ્રકૃતી જાણી જોઇને કરી નાખી કે વણિકપુત્ર કંટા ળી જાય પણ તેતો પૂર્ણ શ્રધાથી શેવા કરતો હતો એક દીવસ ભિક્ષા માગી આવ્યો કે તર ત મહાત્માએ પાણીના ઘડાને લાત મારી ફોડી નાંખ્યો, અને એટલું ગોબરૂં બની ગયું કે તેને સાફ કરતાં આખો દીવશ ગયો ગામમાં જઇને બીજો ઘડો માંગી લાવી નદિ કિનારે ગયો, ત્યાં જઇને મહાત્માનાં લુગડાં ધોયા પોતે વિચાર કરેછે કે, શેવા કરવાની હદ હોય આતો સેવા કરીને થાકી ગયો તોપણ હજી મહાત્મા પ્રશન્ન થયા નહિ, માટે મહાત્માને બીજો ચેલો મળશે, અને મારે આંહિથી ચાલ્યાજવું, પછી બીજો કોઈ મહાત્મા શોધવો કે જેથી મારૂં સાર્થક થાય

એમ વિચાર કરીને જાયછે, તેવોજ અવાજ આવ્યો કે અરે ભાઇ તું જાતો હોતો ભલેજા પણ મનેતું મહાત્મા પાસે લઇજા, કેમકે હું મહાત્માના કામમાં આવું તો મારા ધન્ય ભાગ્ય !

શિષ્યે જોયું તો ઘડામાંથી અવાજ આવતો હતો એટલે ઉભો રહ્યો જેથી ઘડાએ પોતાની વિતક વાત કહી જે મારા માથે કેટલું દુઃખ પડયું ત્યારે આવી રીતે મારો ઘાટ થયોછે, માટે તું મને ગુરૂ પાસે લઇજા, જેથી ચેલાને જ્ઞાન થયું. અરે! આવો વિચાર મને કેમ થયો? અને હવે થોડા સમય સારૂં મારો ભવ બગડે માટે નહિ મારેતો પુરે પુરી શ્રેવા કરવી, એમ કહીને પાણીથી ઘડો ભરીને જલદી ગુરૂ પાસે આવ્યો, ગુરૂએ કહ્યું બાપ આજ બહુજ વાર લાગી, તારૂં મન ઘણુંજ વ્યાકુળ વ્યાકુળ થએલું છે; હશે! પણ તું મને

નવરાવ. એમ કહીને નાવા બેઠા કે જેવી રીતે શરપ કાંચળી ઉતારેછે, તેમ દેહી ઉપરની ચામડી ઉતારી નાંખી, અને દેહી કાંતી વાળી. બનાવી, પછી શિષ્યને કહ્યું કે તું નાહી ને મારી પાસે આવ શિષ્યના આવવાથી બ્રહ્મ જ્ઞાનની જે ચાવીઉં હતી, તે તમામ દેખાડી આપી ને પોતાનાં જેવો સિદ્ધ બનાવી આપ્યો.

હે મુમુક્ષ જન! તેમજ આપણે તો મહા ભાગ્યશાળી છઇએ. કારણ કે ખુદાઇ નુર જલવાગર થએલ હાજર ઈમામ મોજુદ છે તો તેની સેવા તન, મન, ધનથી બજાવવી. અને દરેક ફરમાન પાળવા કે જેથી ઉત્તમ ફળ પ્રાપ્ત થાય અને અંતે તોક્ષ, દીદાર હાંસલ થાય.

# ૧૫. ઇમામ હમેશાં જાહેર છે.

ખુદાવંદ તાલાએ આ જગત પેદા કર્યું, ત્યારથી જીવોને હિદાયત કરવા સારૂ જુદા જુદા આકારમાં પોતાનું નુર જહુરમાં લાવી ઇન શાનના રૂહોની હીદાયત કરવા અવતાર ધાર ણ કરેછે.

ખુદાવંદ તાલાના એ નુર સ્વરૂપને અવ તાર કરીને નામ આપવામાં આવેછે. અને નબી યા ઇમામ રૂપે માણસના આકારમાં હરે ક મનુષ્યને નિતી તથા ધર્મ તરફ દોરેછે. તથા આ પાપ રૂપી વાતાવરણ સંસાર માંથી મુકત કરાવેછે. ખુદા વંદ તાલાનું નુર દુનિ આમાં કાયમ જાહેર રહેછે.

# કલામે મૌલા

નુર ઇલાહી અવલથા સો,
આખર જગમે પાયા ઝહુર;
ઇસી નુરકે જો કોઇ તાબે હોવે,
તો ઉસમે રોશન હોવે રબકા નુર

## મતલબ

ખુદાવંદ તાલાનું નુર હમેશાં જગતમાં જાહેર રહેછે, તોતે નુરે અવલ કેવા અવતારા ધારણ કર્યા, તે આપણે તવારીખ તપાશીએ, તો આપણા સમજવામાં આવે જે ખુદાનું નુર ઈમામ રૂપે કયાંથી અને હાલ કયા જોમામા પ્રગટ છે.

શુનકાળના વખત ખુદાવંદની પાક જાત સિવાય કાંઇ હતું નહિ ત્યારે પોતાની કુદરત માંથી અવલશું પેદા કર્યું તેને માટે ગ્નાને શરીફમાં ફરમાવ્યું છે.

# કલામે પીર.

તોસુનીવરભાઇ

તારે સામીજીએ પોતાના નુર માંહેથી
ઉપાવીઆ,
અને સામીજીએ બીજી સરજી તે
સુરત ચાર;
આ તે માંહે એક પીંડ પોતા તણું
તે પાંચે તનના એક અવતારરે.

## મતલબ

સતગુર ફરમાવે છે. કે ખુદાવંદ તાલાએ પોતાના નુરમાંહેથી ચાર સુરત પેદા કરી અને પાંચમુ સાથે પોતે અવતાર ધારણ કર્યા એવી રીતે પાંચ તનનો અવતાર થયો, તેનું પંજેતન નામ ધર્યું, ને તેનો એક સીતારો બનાવ્યો, જ્ઞાને શરીફમાં તે વિષે ફરમાવ્યું છે.

# કલામેપીર

`'મુનીવરભાઈ

તે ચાર મુરત માંહે પાંચમું પોતે રહ્યા;
વળી પોતાનું નુર રાખ્યો નિરાકાર.
તે નુરનો એક કુતુબ તારો બનાવ્યો.
તેને લઇ ધર્યો આસમાન મીંજાર રે,

## મતલબ

સતગુરૂ ફરમાવેછે કે પાંચે તનનો કુતુબ તારો બનાવ્યો, અને તેને આશમાનમાં રાખ્યો, જેના તેજથી આશમાનો ધ્રુજવા લાગ્યાં, ત્યારે ખુદાવંદે શું કર્યું તેના વિષે જ્ઞાને શરીફમાં ફરમાવ્યુંછે.

# કલામે પીર

તો મુનીવર ભાઈ

તે તારાને તેજે તપે કરીને આશમાન
ડુલીઆ,

**તારે સામીજીએ નજર કરી અપરંમ**
**પાર;**
**તારે ખુણે ખુણે યા અલીનો નામ**
**લખ્યો,**
**તારે થર રહ્યા આશમાન તેણી વારરે.**

## મતલબ

તારે ખુદાવંદ તાલાએ રહેમની દ્રષ્ટી કરી ને ખુણે ખુણે મુરતજાઅલીનો નામ લખ્યો જે નામની બરકતથી આશમાનો ધ્રુજતા બંધ રહ્યા.

તે પંજેતન રૂપી સીતારામાંથી જીવા જોડ વિગેરે દરેક ચીજો પેદા થઇ. જીવાત્મા ને હિદાયત આપવા સારૂ ગુર ત્થા નર એટલે પીર ત્થા શાહા એવા રૂપ ધારણ કરી પોતે પણ સૃષ્ટીમાં સ્થુળ દેહિમાં અવતાર ધારણ કર્યો. તે વખતે કેવો રૂપ ધારણ કર્યો,

અને જમાનો કયો હતો, તે આપણી પાક ઇસ્માઇલી દુઆમાં લખેલું છે કે, ત્રણ કરણ નો જમાનો હતો, અને ત્રણ કરણમાં સામી જીએ ૧૭ અવતારો લીધા તેનાં નામ, અહુ ણાદ, આદ, નામનીલ, અનિલ, શુન, સાન, નાન, જ્ઞાન, તેજ, નુર, જળ, કમળ, અધબુધ જાગ, તત્વ પ્રેમતત્વ, આદપુરૂષ, એવી રીતે શારીરીક રૂપે અવતાર લઇને જાહેર થયો અને અનેક જીવોનો ઉદ્ધાર કર્યો.

ત્યાર પછી ચાર કલ્પનો જમાનો પેદા કરવામાં આવ્યો, તેમાં ખુદાવંદતાલાના નુરે સાકાર રૂપે દશ અવતાર લીધા. ૧ જાએલા કલ્પમાં ચાર અવતાર થયા તેના નામ. ૧ હવ, ૨ કવ, ૩ ધરમ, ૪ કેશવ, ચાર અવતારો ધારણ કર્યા અને નવાણું ક્રોડી જખનો ઓધા ૨ કર્યો.

૨ ફાએલા કલપમાં ત્રણ અવતાર થયા

તેના નામ ૫ તવઉિણાદ, ૬ ઊતરા, ૭ હરીત ક ત્રણ અવતારો ધારણ કર્યા, અને છપન કરોડી મેઘમાળનો ઉદ્ધાર કર્યો.

૩ અરજા કલપમાં બે અવતાર થયા તેના નામ ૮ પરૂરવા ૯ અંતઅતિત બે અવતારો થયા, અને બત્રીશ ક્રોડી કીનરનો ઓદ્ધાર કર્યો.

૪ ખલીફા કલપમાં એક અવતાર થયો ૧૦ પ્રેમરૂખ, એક અવતાર થયો, અને તેત્રીશ ક્રરોડનો ઊદ્ધાર કર્યો.

એ જમાના પછી ખુદાવંદતાલાએ ચાર જુગ પેદા કર્યા, જેમાં પણ દશ અવતાર લીધાં

૧ કરતાજૂગમાં ૧ મચ્છ, ૨ કુચ્છ ૩ વારાહ, ૪ નરશીંહ, ચાર અવતારો ધારણ કર્યા અને પાંચ કરોડ જીવનો ઊદ્ધાર કર્યો.

૨ ત્રેતાજુગમાં ત્રણ અવતાર ધારણ કર્યા

૫ વાયમન, ૬ ફરસીરામ. ૭ રામચંદ્રજી, ત્રણ અવતાર થયા, અને સાત કરોડી જીવનો ઉદ્ધાર કર્યો.

૩ દુઆપુર જુગમાં બે અવતાર થયા; ૮ કાન, ૯ બુધ, અવતાર ધારણ કરીને નવ કરોડી જીવનો ઉદ્ધાર કર્યો.

૪ કલજુગમાં એક અવતાર ૧૦ નકલંકી હજરત મઊલાના મુરતઝા અલીએ મકકા શાહેરમાં અબુતાલેબને ઘરે અવતાર લીધો તે વિષે જ્ઞાને શરીફમાં ફરમાવેલું છે,

# કલામે પીર.

એજી તે મુરતઝા અલી અવતર્યા,
અબુતાલીબને ઘરે અવતાર;
તે બેતુલા માંહે પેદા થયા,
તે શાહેર મકકા મીંજાર. ચેતો,

### મતલબ

એશીઆ ખંડમાં, અરબંસ્તાન દેશમાં મકકા શહેર કાબા શરીફ નામની જગ્યામાં આપણા અવ્વલ શાહ હુઝરત મઉલા મુરત ઝા અલીએ માતાજી બીબી જલેખાં, ઉર્ફે ફાતમા બિનતે અસદને ત્યાં જન્મયા, તે વખતે આપણા અવ્વલ પીર નબી મહુમદ મુસ્તફા રસુલ સલ્લાહ પણ હતા, તે બંનેનું નુર એક છે તે વિષે જ્ઞાને શરીફમાં ફરમાવ્યું છે,

## કલામે પીર

એજી અલી, મહુમદ એકજ છે.
તેના નામના જુઆ જુઆ વિચાર;
અલી કીરતાર વિશ્નું કહીએ,
નબીમહુમદ બ્રહ્માનો અવતાર. ચેતો,

### મતલબ

સતગુરૂ ફરમાવે છે કે, મઉલા મુરતઝા

અલી, તથા નબી મહુમદ મુસ્તફા, બંને એક જ ખુદાવંદ તાલાનું એક નુર છે, અને મઉલા મુરતઝા અલી ખુદાનો અવતાર છે, તથા નબી મહુમદ મુસ્તફા ગુર બ્રહ્માજીનો અવતાર છે, મુસલમાની ગ્રંથકારો ખુદાવંદનું નુર તેજ પંજતન પાક સાહેબ છે, તેવું લખી ગયા છે.

ચું કે આં નુરે ખુદા તકશીમ શુદ
નુરે અવ્વલ અહુમદ બા મીમ શુદ
ફાતેમાંઆમદ અઝ આં નુરે ઇલાહુ
"બીજી અતુન મીનની" બર આં
બાશદ ગવાહુ

આં અફીફા બા અલી તઝવીઝ યાફ્ત
હુમ ચું મહુરો માહુ બા આં નુર તાફ્ત
શમ અહાએ નુર, આં હુર દુ કીરામ
શબ્બીર વ શબ્બીર યક નુર દુઈ નામ

હુર યકી નુરે નબી નુરે ખુદા
મૌઝ અઝ દરીઆ કુન્નબાશદ જુદા
(નુર નામે રસુલ મકબુલ)

## મતલબ

૧-૨ જ્યારે ખુદાવંદ તાલાના નુરમાંથી પંજતનનું નુર પેદા થયું, ત્યારે પહેલાં "મીમ" સાથે અહમદ પેદા થયાં (ખુદાવંદ તાલાનું એક નામ "અહદ" છે તેમાં વચમાં મીમનો "મ" ઉમેરવાથી "અહમદ" થયું)

૩-૪ બીબી ફ્રાતમા ખુદાવંદતાલાના નુર માંથી પેદા થયા, તેની સાબીતિ એ છે કે, નબી શાહેબ હમેશાં કહેતા હતા કે "ફાતેમા" મારા તનનો ટુકડો છે,

૫-૬ આ પાક જાત બીબી ફાતેમાનાં લગ્ન હજરત મઉલા મુરતઝા અલી સાથે થયાં અને તેઓમાંથી સુરજ અને ચંદ્ર માફક નુર ચમક્યું.

૭-૮ એ નુરની રોશની બે બુઝરગ સાહે બો હતા, તે રોશની હજરત ઇમામ હુસેન ત્થા હજરત ઇમામ હશન બંને સાહેબોના નામ જુદા હતાં પણ તેઓ એકજ નુરછે.

૯-૧૦ પંજતનમાંથી દરેક તનની ઉત્પતી અસલ રસુલ અને ખુદાવંદ તાલાના નુરમાંથી થએલીછે. દરીઆના મોજા અસલ દરીઆથી જુદા કેમ કહેવાય? મતલબકે પંજેતન પાક ખરે ખર ખુદાવંદ તાલાનું શાકાર સ્વરૂપછે,

ઇસલામી ગ્રંથકારો લખે છે, કે જબરાઇલ ફીરસ્તો કુતુબતારા વિષે અજાણ હતો, તે એમ સમજતો જે મારી જાત ખુદાએ પહેલી પેદા કરી છે. પણ નબી શાહેબ પાસે આવ્યો, અને ખુલાશો પુછતાં તેણે કહ્યું કે, મને ખુદાવંદે પેદા કર્યો, તે વખત એક આસમાનમાં "તારો" હતો; ત્યારે નબી સાહેબે ફરમાવ્યું કે તે તારાનું વર્ણન આપો, ત્યારે

જીબરાઈલ તે તારાનું વર્ણન આપે છે.

કહે જીબરાઇલ અએ રસુલે ખુદા,
અવ્વલ ઉસકે સીરપે એક તાજ થા;
થે કાનુંમે દો દુર અજબ બી અહા,
ગલેમેભી ઉસકે એક હારથા.
( નુર નામે રશુલે મકબુલ )

## મતલબ

જીબરાઈલ કહે છે, ઓ રસુલે ખુદા, પહેલાં તો એ સીતારાના માથા ઊપર તાજ હતો એ સીતારાના કાનમાં બે અમુલ્ય મોતી હતા, તથા તેના ગલામાં હાર હતો, ત્યારે નબી સાહેબ જીબરાઈલને કુતુબતારામાં પંજતનની હસતી હતી તે સમજાવે છે,

અવ્વલ તાજ મુજ સરપે થા સો "અલી"-
દોનું દુર હૈ બેશક "હસન ઓર હુશેન"

## ગલેમે જો હુંસલી મેરી "નુર અય્નેન"

( ફાતમા )

( નુર નામે રસુલે મકબુલ)

### મતલબ

નબી સાહેબ ફરમાવે છે, કે મારા માથા ઉપર જે તાજ હતો, તે હજરત મઉલા મુર તજા અલી હતા, એ ગોહર હતા, તે હજરત ઇમામ હુસન તથા હજરત ઇમામ હુસેન હતા, અને ગલામાં હાર તે મારી આંખનું નુર બીબી ફાતમા ઝોહરા હતા.

# કલામે પીર

તો મુનીવરભાઇ,

આપણા માથા મુબારકનું નબી મહમદ

મુસ્તફા કયાં,

અને મઉલા અલી તે પોતે અલી અવતાર;

## આ સીના મુબારકની હજરત બીબી ફાતમા,
## અને નુર ચશ્મ બે હજરત ઇમામ હસન અને હજરત ઈમામ હુસેન દીલ ઠારરે.

એવી રીતથી આપણા પાક ગ્નાને શરીફ તથા ઇસલામી ગ્રંથકારોના દાખલા ઉપરથી સાબીત થાય છે કે ખુદાનું નુર જૂદા જૂદા સ્થુળ શરીરમાં જલવાગર થઇ ને હિદાયત કરે છે, તો દશમાં નકલંકી અવતાર હજરત મઉલા મુરતજા અલી અમીરૂલ મોમનીન તંરી કે જાહેર થઇ ચુકયા છે, તેઓએ દુનીઆમાં થી અસંખ્ય અસુરોનો નાસ કરી સતપંથ દીનનો પ્રકાશ કીધેલો છે, હજરત મઉલા મુર જા. અલીના નુર અવતારને પહેલા ઇમામ ગણ વામાં આવે છે. હજરત નબી મહમદ મુસ્ત ફાના નુરને અવ્વલ પીર ગણવામાં આવે છે. હજરત મઉલા મુરતજા અલીએ જેમો સફા

યો ત્યારે તેમનું ઇમામતનું નુર હજરત ઇમામ હુસેનમાં આવ્યું ત્યાર બાદ મઉલાના જેનુલઆબદીનમાં ઇમામતનું ખુદાઈ નુર જાહેર થયું.

હાલ આપણા જમાનામાં અડતાલીશમાં હાજર ઇમામ હજરત મઉલાના સુલતાન મહમદ શાહા દાતાર છે, તેઓ પાક સાહેબની ટીપ, દુઆની કીતાબમાં લખેલી છે, પરંતુ ખરી રીતે જોતાં, તેઓમાં પહેલાં ઇમામ હજરત મઉલા મુરતજાઅલીનું નુર ઝહુર છે, અને તેઓ હજરત મઊલા મુરતજાઅલી ખુદ ખુદાવંદ પોતે છે. અડતાલીસે ઇમામમાં મુરતજા અલીનું એકજ નુર છે.

જુદા જુદા ઈમામો જુદા જુદા સ્થુળ શરીરોમાં જાહેર થાયછે, છતાં પણ સરવે ઈમામ એકજ મોલાનું નુર છે, ખુદાવંદ એકજ છે, ખુદાવંદનુ નુર એકજ છે, જેમ જેમ જુદા જુદા જમા

નામાં ખુદાવંદનું નુર જુદા જુદા જીસમાની શરીરોમાં જાહેર જહુરમાં આવેછે, તેમ તેમ શરીરો જુદા જુદા લેખાયછે, પરતું હકીકતમાં એક ખુદાવંદનું તેજ નુર છે.

આ ઊપરથી સમજવું કે સઘળા ઇમામો એકજ ખુદાવંદનુ નુર હજરત મોલા મુરતજા અલીનું સ્વરૂપ છે જે જમાનામાં જે ઇમામનું સ્વરૂપ મોજુદ હોય તેઓ તે જમાનાના "હાજર ઈમામ કહેવાયછે" હાજર ઈમામની બંદગી તથા ભક્તિ ભાવ આપણા સરવે ઉપર લાઝમ અને વાઝબ છે,

આપણા જમાનામાં ખુદાવંદનું નુર હજરત મોલામુરતજા અલી શુલતાન મહમદશાહા દાતાર ગતિઉં તારણહાર અનંત કોડી આધાર અડતાલીશમાં હાજર ઈમામ છે, તેમની તાબેદારી તથા ભકિત કરવાથી આપણો જીવ મોક્ષ પામી દીદારી થશે,

# ૧૬. નમ્રતા.

## કલામે પીર

એંજી. નમણી ખમણી સરવેને પ્યારી,
જેણુથી રીઝે તે સરવે સંસાર;
તેનું જસ બોલાએ નાત પર જાતમાં,
કોઇ કથણી નવ કરે દુનીઆ મીંજાર.
ચેતો રૂખીસરો,

### મતલબ

સતગુરૂ ફરમાવે છે. જે મનુષ્યને નમ્રતા વહાલી છે, તે માણસને જોઇ બધું જગત ખુશી થાય છે, અને તેની આબરૂ નાત તથા પારકી નાતમાં ઘણીજ હોય છે, અને તેવા માણસની કોઇ પણ નિંદા કરતું નથી, પણ ઉલટું તેને મોટું માન આપી ઉંચા આસન ઉપર બેસાડે છે.

નમ્રતા એ દયાની બેન છે, ને એ પણ દયાના જેટલીજ દરેક આત્માને સરખા ગણુવા વાળીછે, સંસારી માણુસો અહંકારથી નમ્રતાને છેકજ દુર રાખે છે, સંસારમાં રહેનાર માણુસ પોતાથી દરેક પ્રાણી અધિક છે, તેવું માનનાર પુરૂષ નમ્ર કહેવાય છે, અને તેવા થવું એ અહંકાર દુર થયા વિના બનતું નથી સંસારમાં સઊ મારા વડીલ છે, અને હું તેઓનાથી ઊતરતો છું, એમ સમજવું એ નિરાભિમાની પુરૂષનું મુખ્ય લક્ષણ છે,

પ્રપંચમાં પણ નમ્ર પુરૂષ વિશેશ માનવંતો અને સદગુણી ગણાયછે, અને તેને કોઈ જાતનું દુઃખ થતું નથી, હરેક વાતે સામા માણુસ સાથે પોતે નમ્રપણે વરતે છે, એટલે પોતાનો દોશ છુપાવવો પડતો નથી, કેમકે દોશ માટે ક્ષમા માંગવી એ તેને લજાવતી નથી અને લજા ન થવી તેજ ખરેખરૂં નિરઅહંકા

રી પણાનું લક્ષણ તથા નમ્રતાનું સ્વરૂપ છે, જે સઊ સાથે નમ્ર છે, તે સઊને પ્રીય થાયછે તેને કોઇ શુભા શુભ કહે તો તેથી, તે નરસું માનતો નથી, કે ક્રોધ કરતો નથી, કેમકે તેણે ક્રોધ જીત્યો હોય છે, તેથી ક્રોધ તેનાથી ભાગતો ફરે છે, તે પોતે કોઇને ક્રોધ ચડે તેવું કે માઠું લાગે તેવું કામ કરી શકતો નથી, નમ્ર પુરૂષ કદી નિર્દય હિંસક કાર્ય કરતો નથી, નમ્ર પુરૂષ બીજાના દોશ વર્ણવી શકતો નથી કે મનમાં લાવી શકતો નથી, કેમકે તેને પોતાના કરતાં સઉ વિષેષ ગુણવાન દીઠામાં આવે છે. તે પર નિંદા કરતો નથી, આ સરવે ગુણે કરીને પરમાત્મા તેના ઊપર અતિ સંતુષ્ઠ રહે છે, આ કરતાં ઉલટો અનમ્ર પુરૂષ અહંકારી સર્વ દોશથી ભરેલો હોય છે, નમ્ર પુરૂષનું દીલ જેમ નિર્મળ અને સત્ય પ્રેમી હોય છે, તેમ અનમ્રના દિલમાં દંભે વાસો કરેલો

હોય છે, દંભ એ દેખીતું અસત્ય છે, દીલના અવગુણો છુપાવી બહાર ખોટો ડોળ રાખનાર દાંભિક કહેવાય છે: થોડી વિદ્યા છતાં વિદ્વાન કહેવરાવવું, થોડી સંપતિ છતાં, સંપતિવાન દેખાડવું, દુર્ગુણી અધર્મી, અનાચારી, તથા અભકત, ઇત્યાદી અવગુણ હોય છતાં બહાર થી ઠાવકો, સત્યશીળ, ધર્મનિષ્ઠ, સદાચારી, તથા ભકિતમાન વિગેરે દેખાવાનો ડોળ રાખવો, એ દાંભિકના લક્ષણ છે, અને એકનું બીજું દેખાડવું અથવા કહેવું તે અસત્ય નહિ તો શું ? પણ એક નમ્રતા રહૃદયમાં વસી હોય છે તો આ સઘળા દુર્ગુણો એક સામટા નિકળી જાય છે, તે માટે સઉ સાથે નમૃતા રાખનાર પુરૂષ સર્વને નમન કરનારો તથા શ્રેષ્ટ હોય છે. તે વિષે મઊલા મુરતઝા અલી કલામે શરીફમાં ફરમાવે છે.

---

# કલામે મૌલા.

જો સબકી સાથ નમી ચાલે,
ને ઉતમ ઠામ બીઠાવે;
સબથી આપ નીચા બેઠે,
તો બહોત બડાઈ પાવે.
નમી ચાલે સો બડાઈ પાવે,
નમણી સબકું પ્યારી
તરાજુ પલે જો હોવે નમે,
ઉન લેવે દુનિઆ સારી
નરમી કરીએ સબ ખલકતસે
તો સબ હોવે તેરા દોસ્તદાર
પણ આપ કોમકી દોસ્તી ભલી,
જીનુંસે સીલના હુએ હર બાર

મતલબ

મઊલા મુરતજા અલી પોતાના પાક કલામમાં ફરમાવે છે, જે માણસ સરવેની સાથે

નમૃતા રાખીને ચાલે છે, ને બીજાને ઊપર બેસા
ડી પોતે નીચા આસને બેસે છે, તો તે ઘણું
જ માન મેળવે છે, નમૃતા રાખીને જે ચાલે
છે, તે ઘણીજ મોટાઇ મેળવે છે, નમૃતાના
ગુણ વાળા માણુસોના ઊપર હરેક પ્યાર રાખે
છે. જેમકે સોદો લેવા જનાર માણુસ પણ જે
ત્રાજવામાં માલ વધારે હોય તેજ પ્રસન્ન કરી
ને લે છે. મઉલા મુરતજા અલી ફુરમાવે છે કે,
આખી દુનિઆના માણસોની સાથે નમ્રતા રાખ
વી કે જેથી તમામ દોસ્તદાર રહે છે, પણ
વધારે સારૂ પોતાની કોમ, સ્વજ્ઞાતીની દોસ્તી
સારી કે જેની સાથે રાત દીવસ ભેગું રહેવું
પડે છે, માટે નમૃતાનો ગુણ ધારણ કરવાથી
ઘણોજ ફાયદો છે.

# ૧૭. પાંચ ઈંદ્રીઓ

## કલામે પીર

આશાજી પાંચ ઈંદ્રી જેણે વશ રાખી,
પુરૂષ ઉત્તમ તેનું નામજી;
સહેજે તે જીવ વૈકુંઠ જાશે,
બેશશે હુરાંઓની જોડ;
હરી અનંત અનત હરી અનંતે જો.

### મતલબ

સતગુર પીર હશન કબીરદ્દીન સાહેબ ફરમાવેછે, કે જે મનુષ્ય પાંચ ઇંદ્રીઓને વશ રાખેછે, તે પુરૂષ ઉત્તમ ગણાયછે, અને તે બંદાનો આત્માં જલદી બહેસ્તમાં જાયછે.

સ્વદેહ ઉપર કાબુ મેળવવો જેથી બીજાઓના ઉપર પણ કાબુ મેળવી શકાશે. આપ

શું સંસાર વાસીઓને આપણી ઇંદ્રીઓ વશ રાખવાની ઘણી જરૂરછે, ઇંદ્રીઓ વશ નહી રાખવાથી ઘણા વિકારો ઊત્પન્ન થાયછે. અને આપણને આડે માર્ગે દોરેછે. વિકારોમાં બે પ્રકારના ભેદછે, સારા અને નરસા યાને ખોટા અથવા યોગ્ય અને અયોગ્ય, સારી ઇચ્છાઓ એ વિદ્વાન થવું, દેશ ભકત થવું, પરોપકારી થવું ઇતિયાદી વિકારો સારાછે. આવા વિચારોને દબાવી ને ઇંદ્રીય નિગ્રહનો અમલ કરવો નહિ જોઇએ, જે વિકારો આપણને અનિતીના માર્ગે દોરેછે, અને તેનાથી કેટલાક કુચ્છંદોમાં પડવાથી આખરે તન, મન, ધનનું, નુકશાન સહેવું પડેછે, માટે તે વીકારો દુર કરવા જોઇએ, જુવાની જેને કેટલાક "ગધા પચિશી" કહેછે, તેજ આપણા વિકારોને ઉભરાવેછે, જે આવા ઉભરાઓને વશ ન થતાં બેશાડી દેછે, તેજ વખાણને પાત્રછે, ચાલુ જમા

નો એવો છે કે, અનેક ફેશનો, સીવાજો ગમ તો, આપણુને લલચાવે છે, કેટલીક વખતે આપણે તેને વશ થઇ જઇ આપણુ મન કબજે રાખી શકતા નથી, આપણી આજુ બાજુનું મંડળ તથા પ્રસંગો આપણા વિકારોને કેટલીક વખત મદદ કરતા થાય છે, અમૂક કંપનીનું અમૂક નાટક જોયું કે બે ચાર વખત જોવાની ઈચ્છા થાય છે, અને અફીણ જેવાં વ્યસનની માફક તેનું વ્યસન થાય છે, પછી ગમે તે રીતે નાટક જોઈ આંખોને તૃપ્ત કરવી પડે છે, નાટકના ગાયનોની ચોપડી ખરીદ કરી ઘેર પણ આપણે તેજ ધંધો કરીએ છીએ, "જેસેકુ તેસા મીલા" એવા પસંગમાં તો આપણે આપણું કામ પણ ચુકીએ છીએ, આવી વખતે નાટક જોવાની આપણી થતી ઈચ્છાને દબાવી દેવી જોઇએ.

ઈંદ્રીઓ વશ ન રાખવાથી દારૂ વીગેરે અપ

વિત્ર પદાર્થોના પણ કેટલાક જીવજાન મિત્રો થઈ પડે છે, અને તેનીજ સાથે વ્યભિચારાદિ કુકર્મો પણ કરાય છે. આ સર્વ દુર્ગણો ઉત્પન્ન થવાનું કારણ એ હોય છે કે, ઇંદ્રીઓ વશ કરી શકતા નથી.

ઇંદ્રીયો વશ કરવાથી સર્વ શાધી શકાય છે, આપણે જેને પુજ્ય માનીએ છીએ, એવા શાધુ સંતોમાં ઇંદ્રીયો વશ કરવાનો મુખ્ય ગુણ રહેલો છે. તેજ મોટો તફાવત છે, અર્થાત પરલોક સાધન માટે પણ વિકારોને વશ રાખવાની અતિ અગત્ય છે. કુછન્દો, કુવ્યસનો અને દુર્ગુણોને અટકાવવા અથવા તેમનો નાસ કરવાનેજ ફકત ઇંદ્રીય નિગ્રહની જરૂર છે, એમ નથી પણ તેની સાથે સંસાર વ્યવહારનાં કેટલાંક કાર્યોમાં તેની ખાસ જરૂર છે. આપણે ઘેર નાના મોટામાંથી કોઇ કોઈ વખત નાના મોટા અપરાધ કરેછે, અને કોઈ

વખત રોજગાર ધંધામાં કોઇ ઠપકો આપેછે, આવે વખતે સ્વભાવિક રીતે આપણને ક્રોધ ચડેછે અને ક્રોધના જોરમાં આગલો પાછલો વિચાર ન કરતાં આપણા હાથે સાહસ કર્મ થવાનો સંભવ રહેછે. માટે ક્રોધને સમાવવા મનને વશ કરવાની શકિતની ખાસ જરૂરછે. નાના બાળકો અથવા સ્રીના અપરાધથી કેટલોક વખત મીજાજ એટલો ખસી જાયછે કે નવા જુંની કરવાના વિકારો મનમાં પેદા થાય છે નિંદ વિકારોને ઇંદ્રીય નિગ્રહ અટકાવી શકે છે, માટે ઇંદ્રીયોને વશ રાખવી જોઇએ મનુષ્યે વિષયાધીન ન થવું જગતમાં વિષય પાંચ છે, અને તેને ભોગવનારી ઇંદ્રીઓ પાંચ છે, એ વિષયોથી આખું જગત બંધાએલું છે. તેને તેઓઆધીન થઇ વરતે છે, તે વિષયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રશ, ગંધ એ પંચ મહા ભૂતો થકી ઉત્પન થએલા છે, શબ્દ

આકાશથી, સ્પર્શ વાયૂથી, રૂપ તેજથી, રસ જળથી, અને ગંધ પૃથ્વીથી ઉત્પન થએલો વિષયછે, એ પાંચને ગ્રહણ કરનારી અનુક્રમે શ્રોતા (કાન,) ત્વચા (ચામડી,) ચક્ષુ (આંખ,) જીવ્હા (જીભ) અને નાસીકા (નાક) એ પાંચ જ્ઞાન ઇંદ્રિઓ છે, એ દરેક વિષયો પોતાને આધીન થનારનો નાશ કરેછે, જેમકે કેટલાક જીવોને એક ઇંદ્રિનું જ્ઞાન હોયછે, પણ તે ઇંદ્રીને આધિન થવાથી તેનો નાશ થઈ જાય છે, તેને માટે જ્ઞાને શરીફમાં ફૂરમાવેલુંછે,

# કલામે પીર.

એજી — સાતમે પઈઆળે વિરાભાઇ
જેમ વસેરે વસીઅરલો
તે વસીઅરલો આવી
વાચા માંહે બંધાણોજી

તેની સુરતછે પરવસુ
તેનુ મોરલીએ મન મોયું
ને વસીઅરલો કંડીઆ
માંહે પુરાણો તે વસીઅરલો હાટો
હાટ લીખાણોજી

## મતલબ

પીર સદરદીન સાહેબ ફરમાવેછે કે ફકત શ્રવણ ઈંદ્રી એટલે (કાન) સાંભળવાની ઈંદ્રી નાગની બહુજ ચકોર હોવાથી તે પ્રાણી જમીનમાં દર કરીને રહેછે, તેને પકડવા શારૂ ગારૂડીઓ વાંસળી નામનું વાજીંત્ર લઈને તેના રાફડા પાસે વગાડેછે, જે રાગ યાને શબ્દો શાંભળી બહાર આવેછે, અને મોરલીના નાદથી પોતાનું ભાન ભુલી જાય છે, કે તરત ગરૂડીઓ પકડીને તેના ઝેરી દાંત પાડી નાખેને કંડીઆમાં પુરેછે, પછી વસ્તીમા આવીને લોકોને દેખાડીને, પોતાનું પેટ ભરેછે, તો મનુ

બ્યને પણ તે ઇંદ્રી હોવાથી તેણે અનેક પ્રકારના ખોટા ભાષણ અને પર નિંદા તથા એવી ક્રોધ પણ મન ને ઉન્માદ કરનારી વાતનું શ્રવણ કરવું નહિ, પણ જે વાણી સાંભળવાથી દિલ પાવન થાય તથા પાપનો નાશ થાય, એવા હરી કીર્તન તથા ખુદાના યશોગાન સાંભળવાને સજ્જન પુરૂષોની મુખની જે વાણી સાહેબની તારીફ વાળી હોય, તે સાંભળવી, જેથી પરમ કલ્યાણ થાયછે,

# કલામેપીર

તો મુનીવરભાઈ

ચોથી સુનત કીજે કાનની,
હરી નામ શુણતા દિન જાય
કોની નિંદા બહગોઇ સાંભળે નહી,
તો સાચા સંગાતી થાયરે

### મતલબ

સતગુર પીર સદરદીન સાહેબ ફરમાવેછે કે, કાન યાને શ્રોતા ઈંદ્રીથી હમેશાં ખુદાની કુદરતના વર્ણન સાંભળવા અને નિંદા તથા ખરાબ શબ્દો સાંભળવા નહિ, જો માણસ તેવી રીતે ચાલે તો ખુદાની કૃપા જરૂર તે બંદા ના ઊપર ઊતરેછે,

## કલામેપીર

એજી સંસારમાં કુડા કુડા ડગલા જેમ ભરે
રે પારધી

તે પારધી કાંઇ મૃગ વન દોરવાને જાયજી

તે મ્રગનો હઇડો છે પરવશુ એનું મૃગલી
એ મન મોયું

એરે મૃગલો પારધિની ફાંશમાંહે ફસાણોજી

### મતલબ

મૃગ મૃગલીનો સ્પર્શ (ભોગ વિલાશ) કર

વામાં બહુજ આતુર હોયછે. માટે જંગલમાં મૃગલાને પકડનારાઓ એવી યુકતી કરેછે, કે, એક કાગળની કે એવી કોઇ બીજી વસ્તુની મૃગલી બનાવી ઊભી રાખેછે, અને જે માર્ગે થી મૃગ આવવાનો હોય, તે બાજુ ઊપર જાળ પાથળી રાખેછે. પછી મૃગ ફરતા ફરતાં ત્યાં આવેછે, ને છેટે મૃગલીને જૂએછે. કે તરત તે તરફ દોડી જાયછે પણ ત્યાં જવાથી કૃત્રીમ મૃગલી જૂએછે, ને પાછો ભાગવાનું કરેછે, પણ જે જાળ પાથરી હોયછે, તેમાં ફસાઇ જાયછે, કે તરત પારાધી આવીને તેને મારીને તેની ડુંટીમાં રહેલી કસ્તુરી કાઢી લેછે, એવી રીતે વિષયાઅંધ થવાથી તેનો નાશ થાયછે, ત્યારે મનુષ્યમાં તે પણ વિષય રહે લોછે જેથી તે વિષયોને તાબે થવાથી તેનો નાશ થાયછે.

પરસ્રીનો સંગ કરનાર ત્થા લુબ્ધ થના

ર કેવી અવદશાને, અને કેટલા અપમાન ને પાત્ર થાય છે. એ જગજાહેર વાત છે, એનું નામજ પરસ્ત્રીનો. સંગ કરવો તેજ સ્પર્શ ઈંદ્રીનો ખરાબ રસ્તે ઉપયોગ કીધો કહેવાયછે. એટલા માટે જ્ઞાની જનો કહી ગયા છેકે, સ્પર્શ વિષય ઘણોજ અજીત છે. ને તે મનુષ્યથી તજી શકાતો નથી, માટે મહાન પુરૂષોએ પોતાની નાતના અગ્રેસરો તથા માબાપની શમક્ષ શાસ્ત્રની રીતે કુળવાળી અને ગુણવાન સ્ત્રીનીસાથે નિકાહ કરવા, તે મનુષ્ય માત્રને અત્યંત હિતની વાતછે. વ્યવહારમાં રહીને સ્ત્રી પુરૂષ નિતીથી નિરંતર સુખી રહેછે, અને તેઓ મનસા, વાચા, કર્મણાથી એક બીજાના પ્રેમમાં લુબ્ધ રહેવાથી, વ્યભિચાર કરવાનો વિચાર આવતો નથી. જેથી તેઓના ફરજંદ પણ ધર્મશીળ, બુદ્ધી શાળી, અને દ્રઢ શરીર વાળા ઉત્પન થાયછે,

પરસ્ત્રીને તો તજાય પણ પોતાની સ્ત્રીનું પણ અધિક સેવન કરવાથી પણ વિશયને સેવ્યો કહેવાય. માટે જે જ્ઞાનીછે તે વિધી પુર્વક દુનિઆમાં ચાલેછે ને મહાત્માના ચરણાર વિંદ ને આલીંગન દેછે, અને તેઓના વાકયો ઉપ ર પ્રેમ રાખીને સચ્ચાઇ ને નિતીથી ચાલેછે. તો તે મનુષ્ય ઉત્તમ કહેવાયછે, જ્ઞાને શારી ફમાં ફરમાવ્યુંછે.

# કલામેપીર

તો મુનીવરભાઇ

બીજી ઇંદ્રી સુનત કીજીએ,
ભાઇ પર સ્ત્રીશું મન વાર
તમે મત ચુકો બાવરે.
ભાઇ ઊશકા બુઝો વિચારરે

સતગુરૂ પીરસદરદીન સાહેબ ફરમાવેછે કે સ્પર્શ ઇંદ્રાને તાબે કરીને પારકી સ્ત્રીનો સંગ

કરવો નહિ કે જે કરવાથી ઘોર નરકના અધિ
કારી બનવુ પડશે:

# કલામે પીર

એજી ઝીણી ઝીણી પાંખના વીરાભાઇ
જેમ ઉડરે પતંગીયા
એના નેણુછે પરવશું
એનું દીપકે મન મોયું
એરે પતંગીઓ આવી
દીપકની જોતમાં ઝપલાણોજી

## મતલબ

સતગુરૂ પીર સદરદીન સાહેબ ફરમાવેછે કે રૂપ વિષયથી પતંગીઉ નામનું પ્રાણી પોતાનો પ્રાણ ખુએછે. તેને તેજ ઉપર અત્યત પ્રિતી હોયછે. રાતને વખતે બળતો દીવો

અથવા બળતો અગ્નિ દેખાય તેમાંહે પડે છે ને વિલંબ વગર એ દિવામાં કે અગ્નિ માં પડી પોતાના પ્રાણ ખુએછે, ત્યારે તે વિષય ઇંદ્રી પણ માણસમાં રહેલીછે. તો રૂપ વિષયનો સદ ઉપયોગ કરવો. તેજના રૂપમાં લોભાઇ જેમ પતંગીઓ બળી મરે છે તેમ મનુષ્ય સ્ત્રીના રૂપમાં લોભાઇને પોતાનો નાસ કરે છે, ને પોતાનો નાશ કરે છે. હમેશાં સ્ત્રી પુરૂષના અને પુરૂષ સ્ત્રીના રૂપમાં લોભાય છે. તે માટે એ રૂપ વિષયની ગ્રાહક ચક્ષુ ઇંદ્રીય ને સન માર્ગે લગાડવા યત્ન કરવો. પ્રત્યેક વસ્તુ ઉપરથી પ્રિતી ઉઠાડવાને તેના અવગુણો તરફ લક્ષ દેવું. એટલે મનની રૂચી તે તરફ વળે નહિ. જે સ્ત્રીનું રૂપ જોઇ મન ભટકયા કરેછે. તેજ સ્ત્રી જોકે ઉપર ગમે તેવી સુઘડ દેખાયછે. પણ તેમાં ઘણીજ મલીન વસ્તુઓ ભરીછે અને લોહી, માંસ, પરૂ

ઇત્યાદી વસ્તુઓથી ભરેલા તથા બહારથી માંજી ચલકતા કરેલા ઘટની ઊપમાં આપી શકાય. માંસ પરૂ રકત મુત્ર મળથી ભરેલું હાડ પીંજર છે. એવીજ રીતે સ્ત્રીના સંબંધમાં પુરૂષ પણ છે. આ પ્રસંગે શુક્ષ્મપણે વિચાર ન કરી શકનાર પુરૂષે તેણીને પ્રાતઃકાળ માં જેવી ઊઠે તેજ સમયે અવલોકન કરવી એટલે તેનું યથાર્થ સ્વરૂપ ધ્યાનમાં આવશે અને તેને લાગશે કે ગમે તેવું ઉપરથી સ્વરૂપવાન દેખાતું શરીર પણ ખરેખર નર્કથી ભરેલો ઘટછે. આ વિચાર ખરેખરો ઠસવાથી મનુષ્યને કંઇ રૂપ ઉપર પ્રિતી થશે નહિ. એવા ખોટા રૂપ પરથી ઉઠાડેલી પ્રીતી માણસે હાજર ઈમામમાં જોડવી. ધ્યાન સમયે પોતાના હ્રદય કમળની અંદર દરશાન દેતાં અવિનાસી કોટી કંદર્પ સુંદર પ્રભુ પરમાત્માના મહા મંગળ મુખારવિંદ પર મોહ

કરવો અને વારંવાર હાજર ઇમામના દીદાર મને કયારે થાય ? તે સાહેબ મારા ઊપર કૃપા કરી આ ભવ બંધનથી મુકત કયારે કરશે ? એ રૂપ વિષયનું શાર્થકછે. અને આંખને બીજા વિષયો ઉપર ન જવા દેતાં મોલાના હાજર ઇમામના રૂપમાં લોભાયમાન બનાવવી.

# કલામેપીર

તો મુનીવર ભાઇ

ત્રીજી સુજાત કીજે આંખની,
અને કીસ ઉપર કુડી નજરે મત દેખ,
એ રંગ રૂપ સરવે સાહેબે સરજયા,
તેની માટી એકજ લેખરે.

## મતલબ

સતગુરૂ ફરમાવેછે કે આંખ (રૂપ) ઇંદ્રી

ને તાબે કરીને કોઇ ઉપર ખરાબ નજર કર
વી નહિ, અને જે રંગ રૂપ જુદા જુદા પ્રકા
રના દેખવામાં આવેછે, તે ખોટાછે, માટે ખરો
મોહ હાજર ઇમામના દીદારમાં દરેક મનુષ્યે
રાખવો કે જેથી મનુષ્ય તત્વનું શાર્થક થાય.

---

## (૪) રસ.

## કલામે પીર.

અજી ઊંડા ઊંડા જલમાંહે વીરા ભાઇ
જેમ વસેરે માછલડી,
તેના ઉદરછે પરવશું તેનો
ખુદીઆ શું જાઇ મોહિ
તે માછલડી આવી
જળમાંહે સમાણીજી.

તેના માંશ કાપી ને
ચાવાટે વેચાણાજી.

## મતલબ

સતગુરૂ ફરમાવેછે કે રસના સ્વાદ જાણનારી જીવ્હા (જીભ) ઇંદ્રી છે. તેને લીધે મીન (માછલા)ના પ્રાણ જાય છે. મત્સ્ય જાતિની સ્વાદ ઇંદ્રી અતિ પ્રબળ હોવાથી તેને પાણીમાં પકડનારાઓ એક પ્રકારના લોઢાનાં કાંટાનો ઉપયોગ કરી પકડે છે. તે વેળા લોઢાના તિક્ષણ અણીદાર કાંટાં ઉપર ઘંઊનાં લોટમાં સાકર નાંખી બનાવેલી ગોળીઓ ભરાવેછે ને તેને બીજે છેડે દોરી બાંધી તેને પાણીમાં નાંખેછે, સ્વાદમાં લોભાઇ રહેલું માછલું તે ગોળી મોંમાં લે છે કે ભચ દેતો પેલો તિક્ષણ કાંટો તેના તાળવામાં ભોંકાઇ જાય છે, જેથી તે તરફડીઆ મારી પોતાના પ્રાણ ખુએછે.

તેવીજ રીતે મનુષ્યો રસ વિષયને લીધે ફાંદામાં ફસાઈ પડે છે. અનેક પ્રકારના રસો જેવાંકે ગોરસ, મધુરસ, ઇક્ષુરસ, ખાટો, ખારો, તીખો, ઇત્યાદી રસના સ્વાદમાં લાલસા હોવાથી પ્રાણીને છેવટે પ્રાણ ખોવાનો સમય આવે છે એવા અનેક રસોનું સેવન કરવાથી ઈંદ્રીઓ બહેકી જઈ નીયમમાં રહેતી નથી પણ નાના પ્રકારના ઉપદ્રવો તથા અપકૃત્યમાં શરીરને નાંખેછે, જ્યારે એમ થાયછે. ત્યારે મનુષ્યે એ રસોનો ઊપભોગ લેવો? સર્વ વસ્તુ ઊપભોગ ને અર્થેજ છે, પણ તે નિયમમાં રહેવી જોઇએ રૂપ વિષયમાં ભળતા નાના પ્રકારના અલંકારો ઊંચા વસ્ત્રો, તથા એવા બીજા શરિરને નાજુક તથા શુશોભીત દેખાડનારા પદાર્થો સેવન કરવા ન મળેતો તે વિના શરીરનો નાશ થતો નથી, અને તેના બદલામાં શરિર રક્ષણ કરનારા ને લજાને સાચવનારા વસ્ત્ર વિગેરે પદાર્થો સેવન

કરવાથી મનુષ્યને કશી હાની પહોંચતી નથી. એવી રીતે આ રસ વિષયમાં જાણવું, અમૂક પ્રકારનું મિષ્ટાન હોય તોજ જમાય, અને તે ન હોય તો તેથી પ્રાણુ જાય, એવું કદી બન્યું છે? પાંચ પ્રકારના પકવાન અને ગમે તેવી કુધાન્ય (બંટી, બાજરો, કોદરાં વિગેરે) ના ભક્ષણથી પણ પંચ તત્વ દેહનુ પોષણ થાયછે, તેમજ પકવાનના ખાધાથી ભૂખ મટેછે, માટે રસ (જીભ)ને એવા મીથ્યા સ્વાદમાં લોભાવવી નહિ. વળી વાણી પણ જીભને આધિન છે, તે વડે અનેક દુષ્ટ ભાષણ, કઠોર વચનો, ખરાબ ગીતો, પારકી નિંદા, મિથ્યા સ્તૂતિ, ખોટું ડોળ, ઇતિયાદી કાર્યોથી તેને અટકાવી ઊત્તમ કાર્યોમાં યોજવી દોશ વાળું ભાશણ ન કરતાં સર્વને વહાલાં લાગે તેવાં મધુર વચનો ઊચારવાં, પરનીંદા ન કરતાં તથા કોઇની ખોટી ખુશામદ ન કરતાં, સર્વેશ્વર (હાજર ઇમામ) ના ગુણાનુવાદ ગાવા તથા

તેનીજ સ્તુતી કરવી એ રસના (જીભ) નો ખરો ધર્મ છે, મુખેથી સત્ય બોલવું, જે જીભથી બોલીએ તેનાથી પારકાનું કામ સુધરે, યાતો કોઇનુ કલ્યાણ થાય, તેવા કામમાં વાણીનો ઉપયોગ કરવો.

# કલામે પીર

તો મુનીવર ભાઈ,
  પ્રથમ જીભચા શુનત કીજીએ,
  સરવે જુઠ નિંદાને વાર;
  હરદમ સાહેબ નામ સંભારીએ,
  અને કેને મુખથી ન કહીએ માર,

## મતલબ

સતગુરૂ ફરમાવેછે કે, જીવ્હા (જીભ) વડે નિરંતર હાજર ઈમામના પવિત્ર નામનું રટણ (સ્મરણ) કરવું. અને અતિષય પ્રિતી ધરાવનારી

જીભને આ નામ સુધારશ (હાજરં ઇમામના સ્મર્ણ રૂપી ) ની મીઠાશ ચખાડવી કે જેથી ખોટા રસો ખાવાની ઇચ્છા થાયજ નહિ.

---

## (૫) ગંધ.

## કલામે પીર.

એજી કાલી પીલી પાંખનો વીરાભાઇ,
જેમ ઉડેરે ભમરલો;
એની નાસીકા છે પરવશુ,
એનું ફુલ કમળે મન મોહ્યું.
આથમો આથમો દિવસને,
ભમરો ફુલમાંહે બીડાણોજી.

# મતલબ

સતગુરૂ ફરમાવે છે કે, નાસિકા (નાક) નો વિષય ગંધ છે, એ ગંધને આધિન થનાર નો નાશ કરેછે, એ વિષે મધુકર ( ભમરા ) નું દ્રષ્ટાંત પ્રત્યક્ષછે. ભમરાને સુગંધ અતિ વહાલી હોયછે, તેથી તે નીરંતર નાના પ્રકાર નાં પુષ્પો ઊપર ભટકયાં કરેછે, એમાં કમળ ની ગંધ તેને અતિ પ્રીય લાગેછે, જેથી પ્રાતઃકાળે સુર્યોદય સમયે કમળો ખીલવા લાગ્યા કે તે તે પર બેસેછે, અને તેની અંદર બેસી નિશ્ચિંત પણે આનંદ ગ્રહણ કરેછે. આ રસમાં તે એટલો બધો મગ્ન થઈ જાયછે, કે સંધ્યા કાળે સુર્ય આથમવાથી કમળો બંધ થવા માંડે છે. તો પણ તેનાથી સુગંધનો પ્રેમ છોડી અંદરથી ઊડાતું નથી, હમણા ઊડું, હમણા ઊડું એમ કરતાં કમળ સંપુર્ણ રીતે બીડાઈ જાય છે,

અને ભમરો અંદર કેદી થઈ જાય છે, એ ભમરાની શકિત શું થોડી છે? ગમે તેવા કઠણ અને જાડા લાકડામાં પોતાના ડંખ વડે આર પાર છેદ પાડે છે તો પણ પુષ્પની અતિ સકોમળ પાંખડીઓને કોરીને બહાર નીકળી શકતો નથી એ કેવું આશ્ચય, પણ રસના પ્રેમથી તેને નીકળવાનું મન થતું નથી, જેથી લોભમાં હમણાં નીકળું હમણા નીકળું :એવા વિચારમાં તે કમળ કોરી બહાર નીકળી શકતો નથી, અને પ્રાતઃકાળ થતાં પહેલાં અંદર રૂંધાઇ ને પ્રાણ ખોએ છે.

તેવી રીતે મનુષ્યને પણ ગંધ વિષય ઉન્મત કરનારો છે. અનેક પ્રકારના સુગંધી પદાર્થોનું સેવન કરવાથી ઇંદ્રિયો વિલાસીની થાયછે, જેથી કામ વાસનાની વૃદ્ધી થાય છે, માટે તેને તાબે મનુષ્યે થવું નહિ, ગંધ વિષય સેવવાનું સાર્થક તો એ છે કે મનુષ્યે સંત

સજ્જન પુરૂષના ચરણ રૂપી કમળનો ગંધ સુંઘવો, અર્થાંત હમેશા જ્ઞાન રૂપી અમૃતનું સેવન કરવું કે, જેથી હાજર ઈમામની શરણે જવાય અને તેઓની કૃપાથી જ્ઞાન પ્રાપ્ત થાય.

આવી રીતે દરેક વિષયો પોતાને આધિન થનારના પ્રાણ લેછે, તો હે ઈશમાઈલી ભ્રાંતા! વિચાર કરીજો કે માત્ર અકેકી ઈંદ્રિના જ્ઞાનવાળા અને એકજ વિષય ઉપર આશકતી રાખનારા પ્રાણીઓનો એ રીતે નાશ થાયછે, તો પછી જેને એકે સાથે એ પાંચે વિષયો ગ્રહણ કરવાનું સામર્થ છે, ને તે પાંચે ગ્રહણ કરનાર ઈંદ્રિયો પોત પોતાના વિષયમાં મગ્નછે, એવો જે મનુષ્ય પ્રાણી તેઓને આધિન થવાથી તરત વિનાશ પામે તેમાં આશ્ચર્ય શું? પુરૂષની પાંચે ઈંદ્રિયો પ્રબળ છે, ને જે પાંચે વિષયો પર આશકત હોય તેનો વિનાશ કેમ ન થાય? થાયજ. તેજ પ્રમાણે સકળ પ્રાણીઓ

વિનાશજ પામેછે, માટે ઇંદ્રિયોને વશ કરી તે વિષયને તાબે નહિ થવું તેના જેવું એકે ઉત્તમ કામ બીજું નથી.-

# કલામે પીર

આશાજી, પાંચ ઇંદ્રિ જેણે વસ રાખી
પુરૂષ ઉત્તમ તેનું નામજી
સહેજે તે જીવ વૈકુંઠ જાશે,
બેશશે હુરાંઉની જોડ. હરી.

આશાજી, પાંચે ઇંદ્રી જે જીવ વારે,
તે અમ તણો અવતારજી
આખર વેળા માંહે જે જીવ ભુલા,
તે જાસે ગોડ અંધાર. હરી.

સતગુર પીરહુશનકબીરદીન સાહેબ ફરમાવેછે કે, જે મોમીન આ પાંચ વિષયને ભોગવનારી પાંચ ઇંદ્રિયોને પોતાને તાબે રાખીને

ધર્મના હરેક કાર્યો કરેછે, અને પાપથી દુર રહેછે, એવો જે પુરૂષ છે તેના જેવો ઉત્તમ અવતાર બીજા કોઇનો નથી, અને તે પુરૂષ મોક્ષધામને પ્રાપ્ત કરશે, વળી જગતને જેણે ખોટું જાણ્યું છે, અને સત્ય હાજર ઇમામ છે, એવી જેની વાસનાઓ થઇછે, તે અંતે મહા-પદને પામે છે, અને તેથી ઉલટું જે માણસ ચાલેછે, તે જ્યારે રોજ કયામતના દિવશે હિશાબ લેશે ત્યારે ખોટા પડવાથી ગોડ અંધાર (દોજક) નો અધિકારી થશે.

# ૧૮. દયા.

## કલામે કવી

દયા ધર્મ કો મુલ હય,
પાપ મુલ અભિમાન.
તુળશી દયા ન છાંડીએ,
જબ લગ ઘટમે પ્રાંન.

## ભાવાર્થ

તુલશીદાશ નામને કવિ કહેછે કે ધર્મનું મુળ દયા છે, અને પાપનું મુલ અભિમાન છે જયાં શુધી આ કાયામાં પ્રાણ ( જીવ ) છે ત્યાં શુધી દયાને ન મુકવી, તે જ્ઞાની જનનું ઊત્તમ લક્ષણછે.

આપણે સંસારનાં રગડામાં પડેલા છઇએ, એટલે અન્ય પ્રકારની ઘણી ઉપાધીઓ નડવા-

નો સંભવ છે. બપોરે અગર રાત્રે ખાવા બેશતી વખતે "માબાપ કાંઈ આપોને, ઇશ્વર તમારૂં કલ્યાણ કરશે." વિગેરે કરૂણાથી ભરપુર ઊદગારો નિરાધાર માણુસો તરફથી કાઢવામાં આવે છે, તો તે વખત ગુસ્સાથી તેને જેમ આવે તેમ બકવા મંડી પડીએ છીએ, ને એટલે શુધી ખરાબ બોલીએ છીએ કે, જા જા ચોર લુચ્ચા, ઢોંગી નીકલ અંહીથી, શું તારા બાપનું ખાધુંછે? વિગેરે વાકયોની ભિક્ષા આપવી તે એક ગ્રહસ્થને યોગ્ય છે? શું આ ગ્રહસ્થાશ્રમનું ભુષણુછે? હમણા ઉભો રહે, દુરખસ, કે ઘડીવાર રહીને આવજે, અથવા તો મારી તને ભિક્ષા આપવાની મરજી નથી, એમ કહેવાથી આપણુને કાંઇ નુકશાન થાય એમ નથી, દયાના અભાવથી આવા ઊદગારો કહાડવામાં આવેછે, આનુંજ નામ નિર્દયતા, જેમાં પાપનુ મુળ સમાએલુંછે.

ઘરમાં સ્ત્રી, પુત્ર, ઇત્યાદી સાથે નિર્દયપણે વર્તવાથી તેઓ પણ આપણી સાથે અભાવે વર્તે છે. નોકર, ચાકર. સ્ત્રી, પુત્ર, ભાઇ, બહેન, મીત્ર અને સગાં વહાલાં સર્વ સાથે દયાથી વર્તવાથી તેઓ પણ આપણી સાથે દયાથી વર્તે છે. નહિતો આપણી માંદગી જેવી સ્થિતીમાં આપણને કોઇ લોટો ભરી પાણી પણ આપશે નહિ. માટે સર્વ સાથે દયાથી વર્તવું જોઇએ. પુન્ય મારગથી સાથી લેવાય તો દયા સર્વ સાધનથી ઉત્તમ સાધનછે. લક્ષમાં રાખવું જોઈએ કે અયોગ્ય દયા કરી ( દયા ડાકણને ખાય ) એમ થવું ન જોઇએ. દાખલા તરીકે, દયા કરી ભીખારીને દારૂ પીવા પૈસા આપવા નહિ, કે અયોગ્ય માર્ગે કુકર્મ કરવા છોકરાને મદદ આપવી નહિ અયોગ્ય દયા આખરે પસ્તાવાનું કારણ થાયછે. દયાનું મહત્વ ઘણુંજ છે. માણુસ જાત ઉપર દયા તો કરવીજ, પણ માણુસ સિવાય પશુ પક્ષી

ઇત્યાદી પ્રાણીઓ, પર દયા કરવાને આપણું શાસ્ત્ર કહેછે. તો પછી આપણા કુટુંબીઓની વાત શી કહેવી ?

દયાળુ અંત;કરણ રેશમ કરનાં સુંવાળું છે, અને નિર્દય અંતઃકરણ પથ્થર કરતાં કઠણ છે, એ સિદ્ધાંત સિદ્ધ કરવાની જરૂર નથી, માણસ જાતની અરસ પરસ પૂરજ શું છે ? તેનો જો વિચાર કરિએ તો આપણે હરકોઈ તરફ દયા ભાવથી વર્તવું જોઈએ, ઈશ્વર જન્મ આપવાની શાથેજ દયા " બી "નું હરેક માણસને દાન કરેલું છે. હવે આજુ બાજુના પ્રયોગો, અને સહવાશના યોગે કોઇના રદયમાં તે " બી " માંથી મોટું વૃક્ષ થાયછે, કોઇના દીલમાં છોડ નાનો રહેછે, ત્યારે કોઈના રદયમાં " બી " બળી જઈ સમુળગો નાશ પામે છે, ચાર ચાર વરસના બે અજ્ઞાન ભાઇ બેનને રમતાં જોઈએ તો તેમની કુતી રીતી તેમનાં અંતઃ

કરણમાં કેટલી દયાછે, એ બતાવી આપે છે, ) આ દાખલાથી કુદરત પ્રથમથીજ દયાનું દાન કરેછે, એ સિદ્ધ થાયછે. ગમે તેવો નાસ્તીક માણુસ હશે તો પણ એટલું તો કબુલ કરશે, કે મનુષ્ય ને સર્વ જગતને બનાવનાર એક ખુદાછે, વાણીઆનો જુદો, બ્રાહ્મણનો જુદો, શુદ્રનો જુદો એમ દરેકનો બનાવનાર નથી, જ્યારે સર્વનો પેદા કરનાર એકજછે, સર્વ એકજ પંથેથી આવ્યા છીએ, અને આખરે સર્વને એકજ પંથે જવાનું છે, ત્યારે આપણે સર્વે ઘણી બાબતોમાં મળતા છીએ, અને એકજ પીતાના પુત્ર પ્રમાણે આપણે ભાઈઓ છઈએ, એમ કહી શકાય.

# ૧૯. શરમ.

## કલામે પીર

શરમ મરદકા છતર હુએ
જો એબ ઊશ મરદકા ઢાંકે
ઊશકા એબ કોઇ ન કહેવે,
જો શરમ કરે વએ આપે.

### મતલબ

હજરત મોલા મુરતજા અલી ફરમાવેછે કે જે મનુષ્ય આં શર્મ રૂપી ગુણ ભરેલો છે, તે બીજા માણુસની એબ દેખેછે, તોપણ તરત તેને ઢાંકે છે. જેથી કોઇ માણુસ તેને ખરાબ કહેતો નથી, કારણ કે પોતે હમેશા શરમ રાખેછે, જેથી ખુદાવંદ તાલાની મહેરબાની તે બંદા ઉપર ઉતરે છે.

હે જ્ઞાની જનો !

ઉપરના પાક કલામથી આપણા સમજવામાં આવેછે કે, શરમ રાખવાની આપણને ખાસ જરૂર છે, શરૂઆતમાં આપણે દરેક કાર્યો કરતાં પહેલાં, આપણા મા, બાપ, તથા આપણાથી મોટા ભાઈ ભાંડુ વિગેરેની શરમ રાખવાની ખાશ જરૂર છે.

પછી આપણી જમાતના અમલદારીઓ વિગેરે અને જેઓ ઉમરમાં મોટાછે, તેઓ દરેકની શરમ ( અદબ ) રાખવી જોઇએ; શરમ રાખનાર માણુસની હમેશા આબરૂ વધેછે, તથા જે ઠેકાણે તે જાયછે, ત્યાં તેને ઘણુંજ માન મળેછે.

હવે જેવી રીતે દુનિઆમાં મનુષ્યોને શરમ રાખવાની જરૂરછે, તેવીજ રીતે આપણા કરનહાર કીરતારની મોલા મુરતજા અલી ખુદાવંદ હાજર ઇમામની પણ દુનીઆના

જાહેર કાયદાને માન આપી શરમ રાખવી જોઇએ, તે શરમ કેમ રાખવી? કે તેઓ સાહેબને દરેક ઠેકાણે હાજર સમજીને ગુનાહથી દુર રહેવું એક તીલ પણ આપણાથી દુર સમજવો નહિ, કારણકે તેઓ સાહેબ આપણા શરીરના દરેક બાલે બાલે બેઠાછે, તેના વિષે ગુરે ગ્નાનમાં ફરમાવ્યું છે

## કલામેપીર

જીરેવીરા રોમે રોમે મોરો શાહ વશો,
અને અંતર નહિ એક તીલ;
એવો જાણી ભક્તિ કીજીએ,
શાહ પરતક્ષ બેઠા દીલ.

એવી રીતે દરેક ઠેકાણે જાહેર અને બાતુનમાં આપણી પાસેછે એવું સમજી દરેક કાર્યો કરતી વખતે સમજવું, કે સાહેબ સર્વે દેખેછે. માટે

મારે ખરાબ કામ કરવાં નહિ, ને સુકૃત્યો કરવા કે જેથી તે સાહેબની હરેક મહેરબાનીઓ મારા ઉપર ઉતરે,

# કલામે મૌલા.

જો બુરા અમલ કરતે શરમાયા,
ઓર પસ્તાયા અપને જીઆ;
તો ઉશકી એબ ઉપર પરદા,
ઉશકો શરમને કયા.

## માતલબ

જે મનુષ્ય ખરાબ કરવાં શરમાયો, અને પોતાના દીલમાં પસ્તાયો તો તેના ખરાબ કામની ઉપર શરમે પરદો કર્યો એમ સમજવું જોઈએ, જેનામાં એ ગુણ નથી તે મનુષ્ય પશુથી પણ ખરાબછે, માટે આપણે ઉત્તમ દેહી ધરીછે

તો સારા સદ્દગુણો ધરાવવા જોઇએ, અને જે શરમને ગ્રહણ નથી કરતો, તેનામાં ઇમાન વિગેરે ઓછું જોવામાં આવેછે,

## કલામે મૌલા.

જીસે શરમ થોડી તો ઇમાન ઓછા,
એસે હી લેખે લેખા.

જેનામાં શરમ થોડીછે. તેનું ઇમાન ઓછું સમજવું, માટે શરમ રાખવાથી દુનીઆમાં મરતબો વધેછે, અને આખરતમાં ફાયદો હાંસલ થાયછે.

## હદીશ

" અલ હયા મીનલ ઇમાન "

એટલે હયા, ( શરમ ) એજ ઇમાન છે, શરમવાળો મનુષ્ય હોય તેજ ઇમાની કહેવાયછે

દુનીઆમાં માણસો પોતાનો પૈસો, માલ, જાન વિગેરે જવા દે છે, પણ પોતાની શરમ (લાજ) રહે તેને વાસ્તે ઘણીજ કોશેશ કરે છે, તે સર્વે કરતાં દીનની કીમત મોટીછે, તો દીનના કામો શરમાઈને છોડવાં નહિ.

# ફરમાને હાજર ઈમામ.

હુજરત મોલાના ધણી સલામત દાતાર ગતિસું તારણહાર સુલતાન મહુમદ શાહ દાતારે ફરમાવ્યું કે, "બીજી કોમોછે, તે રોજ કીયામતને દિવશે કાંઇ પણ બાનું કાઢશે ને કહેશે યા પરવર દીગાર, અમોને ખબર દીને ઇસમાઇલી ન હતી પણ તમો તો ઈશમાઇલી દીનનાં મુરીદ છો તેથી કાંઈ પણ બહાનું કાઢી શકશો નહિ."

કારણ કે સતગુર પીર સદરદીન સાહેબે

હુરફે હરફે હરેક ચીજની જ્ઞાને શરીફમાં ખબર આપીછે તો દીલમાં મહોબત તથા આંખ માં શરમ રાખીને હરેક રીતે વર્તવું.

## કલામે પીર

એજી ચશ્મે શનાખંત દીલ બીચ મહોબત
જીભચા ચલાવત યારીજી.

# ૨૦ વફાદારી

## કલામે શાયર

હિલા દર વફા બાશ સાબેત કદમ
કે બી શીકકેહ રાએજ ન બાશદ દેરમ.

### મતલબ

અએ દીલ તું વફાદારીમાં કદમ સાબેત રાખ કે વગર મહોરનો સીકો ક્યાંએ ચાલતો નથી તેમજ જે બે વફા આદમી છે તે નકામું છે.

હે મોમન!

જે મનુષ્ય પોતે કોલ પાળવામાં સાચો છે તેની આબરૂ સારી હોય છે. જે પોતાનું વચન આપી ફરી જાયછે તેને દુનીઆ મૂર્ખ માણુસ તરીકે ગણેછે હવે વફાદારીનો ગુણ આપણે

હાંસલ કરવો જોઇએ, કેમકે દુનીઆમાં વેપાર ધંધો, રોજગાર, લેવડ, દેવડ વિગેરે કામો કરવાનાં હોયછે, તેમાં એક વચની રહેવાની જરુર હોયછે. જેઓ એક વચની હોયછે, તેની શાખ ( આબરૂ ) ઘણીજ સારી હોયછે. અને જેઓ પોતાનું વચન પાળતા નથી, તે દીવાળીઓ કહેવાયછે. એવી રીતે આપણે આપણા આદગુરુ પીર નબી મહમદ મુસતફા સાહેબને માતાના ગીરભાવાસમાં જે કોલ આપ્યોછે, કે હું દુની-આમાં બંદગી કરીશ, તથા નેક અમાલો કરીશ તે કોલ આપણે બરોબર પાળવો જોઇએ. તોજ આપણે નીમકહલાલ યાને વફાદાર કહેવાઇએ.

# કલામે પીર

જીરેભાઇરે ગરભાવાસકી વાચા સંભારો
અને કોલ કાયમજીના પાળોજી
સચો સીધક મન રાખો આપણું

ને પાંચ ભુને તમે વારોજી
આશા તો એક અલખની કીજે
અવરકી આશા નીરાશાજી

### મતલબ

હે જ્ઞાની જન સતગુર પીર શાહદરદીન શાહેબ ફરમાવેછે. કે દરેક જીવોએ માતાના ગરભાસ્થાન વિશે આદગુરૂને કોલ આપ્યો છે, તે કોલને આપણે યાદ કરવો, અને આ સંસાર રૂપી સમુદ્રમાંથી પેલે પાર જવા સારૂ કોલ પાળવાની ખાસ જરૂર છે. વળી કાયામાં રહેલા પાંચ ભુ ને વશ કરીને સાચા ઇમાનથી મન વશ કરીને બંદગી કરીશ એવો કોલ આપેલો છે.

ઉપર કહ્યામે પીરની મતલબ ઉપરથી સમજાય છે કે, અવ્વલમાં તો કોલ પાળવાની જરૂરછે, નહિ પાળીએ તો કીઆમતને દિવસે શરમીંદા થવું પડશે, તેવિષે એક શાએરે કહ્યુંછે:—

# કલામે શાયર

મ ગરદાન, જ રૂએ વફા રૂએ દીલ,
કે દર રૂએ જાનાન નબાશી ખીજેલ.

## મતલબ

એએ બંદા વફાદારીની ગલ્લીમાંથી દીલનું મોઢું ફેરવ નહિ કે જેથી ખુદાની નજદીક શરમીંદા થવું પડે.

ત્યારે આપણે આપણા કરન હાર કીરતારને જે કોલ આપ્યો છે તે પાળવો જોઈએ. ન પાળીએ અને લોભ તથા સ્વાર્થમાં ગીરફતાર રહીએ, તો પછી આપણા જેવું કોઇ પણ મુર્ખ નહી હોય.

# કલામે પીર

એવીરા મારા ગરભાવાશની વાચા તમે પાલો
તો લોભ સ્વાર્થ હીરશજ વારો.

# ૨૧. સખાવત.

## કલામે મૌલા

સખી ખુદાકું નજદીક ભાઇ.
સખીતો હોવે ખુદાકા હબીબ;
સખીકું સબ કોઈ દાતાર કહેવે,
સખીકા તો બડા હોવે નશીબ.

### મતલબ

હજરત મૌલા મુરતજા અલી ફરમાવે છે કે સખાવત કરનાર મનુષ્ય ખુદાવંદતાલાને હમેશા પોતાની પાસે હાજર સમજેછે, તેથી ખુદાવંદ તાલા પોતાનો ભક્ત સમજી તેના ઉપર ઘણો પ્યાર રાખેછે, વળી દુનીઆના લોક તેને દાતાર સમજે છે, અને સખાવતી પુરૂષના નશીબ ઘણાજ બુલંદ હોયછે.

હે મુમુક્ષ જન!

સખાવત એટલે દાન, અને દાનના પ્રકાર ઘણાછે, આપણને જે ચીજ મોલા તરફથી મળી હોય, તેમાંથી દાન કરવું તે આપણી ફરજ છે. આપણને જે દોલત મળેલીછે, યાને મળેછે, તે સર્વે તે સાહેબની બક્ષીસ છે, અને તે પૈસા કાંઇ પણ ધર્મ ખાતે અગર તો નેક કામને વાસ્તે ન વાપરીએ, તો તે પૈસો કાંઇ કામનો નથી વળી સીરજનહાર નારાજ થાયછે, અને કદાપી દેવ ઈચ્છાથી તે નાણું ચાલ્યું જાય તોપણ મોટો અફસોસ અને દિલગીરી થાય, કારણકે આપણે કાંઈ વાપરી શકયા નહિ.

ત્યારે જે બક્ષીશ આપણને નાણાં શંબધી થએલી હોય તેમાંથી શરૂઆતમાં પોતાના કુટુંબનું સારીરીતે પોશણ કરવું પછી પોતાના સગા વહાલાંમાં જે કોઇ દુઃખી હોય તેને મદદ કરવી, પછી આપણી જ્ઞાતીમાં જે કોઇ

દુ:ખી હોય તેને મદદ કરવી વળી યતીમ
(મા બાપ વગરના) બચ્ચાંઓની પરવરીશ
કરે તો ઘણોજ મરતબો મળે છે.

# કલામે મૌલા

યતીમ લડકા જો કોઇ ખુદાકે કારણ પાળે,
આપ શીર લેવે ખરચ ખાના.
ખરચ ખાના પારકા આપ શીર લેવે
જો શખી દાતાર,
તો ઉસ દાતારકી રોજી અહકી હોવે, ઔર
ઉસકીબી રોજી દેવે સીરજનહાર.

## મતલબ

માબાપ વગરના બચ્ચાંને ખાવા પીવા
તથા પહેરવા કપડાં વિગેરે આપીને તેઓનું
પોષણ કરે, તો એવા દાતારની રોજી અહકી
થાયછે. ને માલ, ધન, ઓલાદમાં ઘણીજ બર-
કત થાયછે.

એવીજ રીતે કેળવણી આપવી, તેમાં દુનીઆ-ની, તથા દીનની કેળવણી બંને આપવાથી મોટો સવાબ હાંશલ થાયછે, તે સિવાય લુલાં લંગડાં, માંદાં માણુસોને માટે પણ તેવી જગાઓ જેને આશ્રમસ્થાન કહેવામાં આવેછે તેવા આશ્રમસ્થાનો બંધાવી આપવા જેથી ખુદાવંદ તાલાની દરેક ખુશી તે બંદા ઉપર ઉતરેછે, વળી ધરમની જગાઓ બાંધવા માટે દરેક ઠેકાણે પઇસા આપવાનો મોટો શવાબછે.

## ફરમાને હાજર ઈમામ

જંગબારમાં એક સખી ગ્રહસ્થે પોતાના ખરચે જમાતખાનું બંધાવી આપ્યું, તો ધણી શલામત દાતાર હાજર ઇમામે તે બાબનમાં ફરમાન ફરમાવ્યું કે “ જેટલા માણુસો હમેશા બંદગી કરવા અંહીઆ આવશે તેટલા બધાઓએ દુઆ માંગવી અને તેઓ બંદગી

કરશે તેમાંથી પણ શવાબ મળશે અને બહેસ્તમાં આવા સુંદર હજારો મકાન ખુદાવંદ તરફથી બક્ષીશ મળશે” આવો મોટો મરતબો બંદગીની જગ્યાઓ બાંધી આપવાથી થાયછે.

એજ પ્રમાણે જે મનુષ્યો માંદા હોય તેને દવા મફત અપાવવી એટલે દવાખાનાઓ બંધાવી આપવા જેથી ખુદાવંદ રાજી રહેછે. માટે પૈસાવાળાઓની ફરજ છે કે, તેઓએ પોતાના નાણાનો સદઉપયોગ કરવો કારણ કે નાણું છે તે ચલીતછે, આજે રંક હોય તે કાલે રાજા બને અને રાજા હોય તે રંક બની જાય તો પછી એવા ચલીત નાણાનો ભરોસો કરવો અને તેને ભેગું કરવું તે ખુદાઈ બંદાનું કામ નથી જેટલો સારો ઉપયોગ થયો તેટલુંજ આપણે સફળ કામ કર્યું, માટે આખા જગતના પ્રાણી માત્રને આપણાથી જેટલી બને

તેટલી મદદ કરવી, કેમકે આપણા ભાઇઓછે, તો તેવી રીતે તન, મન, ધનથી મદદ કરનારને દુનીઆમાં પણ ઘણીજ ઇજત તથા ખુદા વંદતાલાના દરબારમાં ઘણોજ ફાયદો થાયછે.

ત્યારપછી સર્વથી મોટો હક અને પહેલે દરજ્જે જે ફરજ અદા કરવાનીછે, તે માલેવાજબાત યાને દશોંદ, આપણા હાજર ઇમામને પહોંચાડવી તે આપણી પહેલી ફરજછે, જે પૈસા ખુદાવંદની મહેરબાનીથી મળે તેમાંથી તે ખુદાવંદનો ભાગ કાઢીને તે નુર હાજર ઈમામને પહોંચાડવો અને બાકી વધેલો પૈસાનો સદઉપયોગ કરવો.

# ૨૨. દુર્વ્યસન.

સુવ્યસન રાખવાથી અને દુર્વ્યસન તજવાથી થતા ફાયદા, અને નુકશાનો અનુક્રમે આપણા સુખ, દુઃખોને વધારે, ઘટાડેછે, એટલુંજ નહિ, પણ આપણા શારીરિક અને માનસિક શક્તિને પણ અસર કરેછે.

વ્યસન એ સબ્દથી સારો અને ખોટો, એમ બે અર્થ થાયછે. કોઈ કહેછે કે, મને ધાર્મીક પુસ્તકો વાંચવાનું મોટું વ્યસન થઈ પડયું છે, અહીં વ્યસનનો સારો અર્થજ સમજાય છે, સત્ય બોલવાનું વ્યસન, નિતીએ ચાલવાનું વ્યસન ઇત્યાદી સારા વ્યસનો તો સારાજ છે, સારાને માટે કંઈ બોલવાનું રહેતું નથી.

આજનો જમાનો ફેસન, ભપકાનોછે, ઘણી લાલચો આપણી સન મુખ આવી ઉભી રહેછે, જેથી આપણી ઇચ્છાઓ જુદે જુદે જુદે માર્ગે દોરવાય છે. આપણા માથામાં અને કુતરક વિતર્કને સ્થાન મળેછે. દેખા દેખી કરવાનું મન થાયછે, મનમા વિચાર થયો કે ઇચ્છા પવનની માફક આગળ દોડે છે. દોડતાં દોડતાં ઇચ્છા મોજ શોખને પકડી પાડે છે, આ બધા ફેર ફારનું કારણ શું? કારણ એટલુંજ કે આજે નવું કાલે નવું પરમ દિવસે, તેથી વધારે નવું એવી અનેક મોજ મઝા ભોગવવાની રીત નજરે પડે છે. કાળની સાથે આપણા વિચારો બદલાય છે, વિચાર બદલાયાની સાથ આપણી રહેણી કહેણી બદલાય છે, મતલબ કે જુની આંખે નવા તમાશા દેખાય છે.

આવા નવા નવા સંજોગો અને નવી નવી મોજ મજાથી અનેક પ્રકારના વ્યસનો વધિ જાયછે

એજ દીલગીરીની વાતછે દાખલા તરીકે આપણે આપણા કુંટુબના એક આઠ વરશના છોકરા તરફ જોઇશું તો ચાલુ કાળમાં નવાં નવાં કપડા પછી નવા અગર જુનાં હોય તોપણ નવા જેવા દરજીના હાથે નવી ફેશનમાં શીવડાવેલા નવી ઢબમાં પહેરવાં, ઓઢવા વિગેરે ઇચ્છા લાલચ-થી મોજ શોખનો આરંભ થાય છે. આ સર્વ પ્રકાર છોકરાઓ બહાર અને ઘરમાં જુએછે. તેનુંજ નામ દેખા દેખી એ અનુકરણ કરવા માંડે છે. પહેલો મુદ્દો તો એ છે કે મને કમને, ગમે તેવી રીતે કહો કે ઘરમાં મોટા માણસોને કંઇ વ્યસન હોય તો તેમણે નાના છોકરા અથવા તેમનાથી નાનાઓના દેખતાં વ્યસનનો અમલ કરવો નહિ જોઈએ, બીડી એ આજકાલ નો વ્યસન આરંભ છે. વ્યસનનું શિક્ષણ બીડી એ પરિક્ષા છે. તે વ્યસન વળગ્યું એટલે લાલચો આગળ વધવાનો સંભવ છે. ચાહ્ડા

બીડીની બલીહારી તેના જુદા જુદા નામ પાડેલા છે, તેને માટે થોડે થોડે છેટે દુકાનો તેમાં વળી જાત જાતની છબીઓ ટાંગી દઇને મન લલચાવે તેવો પ્રસંગ બનાવેલો હોય છે, વાંચકો વિચાર કરોકે હજારો રૂપીઆના કાપડ ભરેલા હોય છે, તોપણ દુકાનમાં ન મળે તકતો કે ન મળે છબીઓ, પણ બીડી, પાન ચાહની દુકાનોમાં તો આડંબર ઘણોજ જેથી માણસોના મન ખેંચાય અને તેથી ઘણુ ખરાબ વ્યશન થઇ પડયું છે, વળી તેની ખપત પણ ઘણીજ છે, રોજની એક પાઇની બીડી ઓછામાં ઓછી ધારીએતો આજ કાલ માણુસ સાધારણ રીતે ૬૦ વર્સ જીવેછે, એમ કલ્પના કરીએ, અને બચપણમાં દસ વરસ બાદ કરીએ, તો પચાસ વર્ષમાં માણસને ૧૮૦૦૦ પાઇની બીડી અને ૨૦૦૦ પાઇની દિવાસળીની પેટીઓ થાયછે, આ સિવાય

ઉધરસ, નબળાઇ, અને કાળજામાં થતા દરદોનું તો હીસાબજ રહેતો નથી, કેટલાકો કહે છે કે, બીડી પીવાથી ફાયદો થાયછે, તો એ વાત ખોટી છે, પેટના વાયુને માટે ઓસડ દાખલ કદાચ ફાયદો થાય, પણ જેઓ બીડી પીવેછે તેઓને તો કશો ફાયદો થતો નથી. આજકાલ બીડી. સીગરેટ એ સુધરેલું વ્યસન ગણાયછે પણ તેનાથી નુકશાનો ઘણા થાયછે, તે ઉપર કોઇ ધ્યાન આપતું નથી, તે ઘણી દીલગીરીની વાત છે.

એ સિવાય, ચલમ પીવી, હુકો પીવો, પાન ખાવું સોપારી ખાવી ઇત્યાદી ઘણા નાના વ્યસનો આપણે જોઇએ છીએ, તે સર્વ સંબંધી વિચાર કરતા પૈસા, વખત અને શરીરની શક્તિને નુકશાન કર્તા છે, આરોગ્ય એ સર્વથી અતિ મોટો અને અગત્યનો સવાલછે. આવી અગત્યની બાબત જે "આરોગ્ય" તે ખરાબ

વ્યસનોથી બગડે છે. શરીરની શકિત બગડી તે સાથે મનની શક્તિ પર અસર થાય છે, તેમ થવાથી સુખના સવ સાધનો છતાં આપણે ભોગવી શકતા નથી, અને મહા દુઃખના પોકાર કરવો પડેછે.

કેટલાક વ્યસનો એવાછે કે, તેથી પૈસા વખત, શરીર, મન માન, આબરૂ સર્વનો નાશ થાયછે, "દારૂ પીવો" એ એક મોટા નુકશાન કારક વ્યસનોમાંનું વ્યસન છે, દારૂના વ્યશનથી કાળજામાં રોગ થાયછે. શરીરમાં નબળાઇ આવેછે. વિગેરે અન્ય ઘણાં નુકસાનો થાયછે. એવા ઘણા દાખલાઓ મળી આવે છે કે, જેઓ દારૂ પીવાથી રોગી થઇ છેવટે ખુદાના દરબાર માં ચાલ્યા જાયછે, પઇશા નહોય ત્યારે ઘરબાર સર્વ વેચી પણ દારૂ પીવોપડેછે, દિલ્લીનો પાદશાહ જહાંગીર, દારૂના વ્યશનથી ઘણા સંકટોમાં આવી પડયો એ વાત

ઈતિહાસ આપણને સ્પષ્ટ રીતે બતાવી આપેછે, વળી દારૂના વ્યસનમાં ગરકાવ રહે-વાથી રાજ્યમાં અંધેર ચાલી આખરે દારૂ પીનાર રાજાઓ સર્વસ્વ ખોઈ દુઃખી થએલા-છે. વ્યસન વાળાને દારૂ પીવાની સાથે વ્યભી-ચાર એ કષ્ટ દુર્ગણનો પાયો પેસી જાયછે, માટે વ્યસન એ સર્વ દુર્ગણનો પાયોછે વ્ય-સની માણસ અનેક દુર્ગણોનુ સ્થાન થઇ રહેછે જુવાનીના જોરમાં પ્રથમ તો તેને તે વાત લક્ષમાં આવતી નથી, પણ પૈસો થઇ રહેછે. યુવાવસ્થા જતી રહે, તે વખતે તેના વ્યસનો તેને મલકુલ મોત કરતાં વધારે ભયંકર લાગે છે.

વ્યભિચાર અને વ્યસન એ દુર્ગુણ અતિ પ્રાણ ઘાતકછે વ્યભીચારી માણસ તેનો કડવો સવાદ લેતા જીવને જોખમમા નાખેછે અને પ્રસંગે જીવને પણ ખોયો મઠેછે આ

સર્વે વ્યભીચારના નિશામા સુજતુ નથી પોતાની ખરાબ ઇચ્છા હરેક પ્રકારે તૃપ્ત, કરવાં અને પ્રયત્નો કરવામાંજ વ્યસન માફક લક્ષ લાગી રહે છે.

# કલામે કવી.

ચિંતા તુરાણાં ન સુખં ન નિંદ્રા,
અર્થાતુ રાણા સ્વજનો ન બંધુ;
કામાતુરાણાં ન ભયં ન લજ્જા,
સુધા તુરાણા ન બલં ન તેજ.

## મતલબ

ચિંતાતુર ને સુખ અને નિંદ્રા હોતી નથી, અર્થાતુર સ્વજન, ઇષ્ટમિત્ર, બંધું કોઇજ જોતો નથી પછી બીજાનું ગમે તેમ થાવ, અને કામાતુર ને ભય લજ્જા કંઇ હોતું નથી, ક્ષુધાતુર ને બળ અને તેજ હોતા નથી,

અફીણ જેવા કેટલાક વ્યશનો એવા હોય-છે કે જે છોડયાં છુટતા નથી, છોડવાનો પ્રયત્ન પણ કરાતો નથી તેવાં વ્યસનોનો જીંદગીના નાસ સાથેજ નાશ થાયછે, સારાંસકે, બીડી, ચાહાથી માંડી ચલમ હુકો અફીણ, દારૂ, ગાંજો વિગેરે સર્વ દુરવ્યસનો પ્રાણુનો નાશ કરતાં છે, વ્યસની માણુસોને કોઇ દિવસ સુખ હોતું નથી, અને દુર્ગુણી જ્યાં જ્યાં જાયછે, ત્યાં ત્યાં નર્કછે, તેની જાત પણ નર્કમાંજ છે.

મતલબ કે વ્યસનથી માણુસની હોશીઆરી, શકિત, બુધ્ધિ, ચાલાકી સર્વનો નાશ થાય છે અને સુખના જ્યારે સાધનો નાશ પામેછે. ત્યારે જીંદગી કંટાળા ભરેલી અને દુઃખ રૂપ થાયછે, દુઃખ રૂપ જીંદગી કાઢવા કરતાં મરણ વહાલું લાગે છે. જુવાનીના મદમાં, અગર દ્રવ્યના નીશામાં તો આંખે ચશ્મા હોય

છે. પણ જ્યારે તન, મન ધનથી ખરાબ થઇએ છીએ ત્યારે એકદમ આંખો ઉઘડે છે, અને આપણા દુર્વ્યસનો આપણને ઘણોજ પસ્તાવો કરાવે છે. માટેજ આપણા વડીલ પુરુષો ઉપદેશ કરેછે કે સોપારી સરખું પણ વ્યસન રાખવું નહિ, કોઇ પ્રસંગ એવો આવેછે કે, સોપારીનો ટુકડો પણ મળવો મુશકેલ થઈ પડે છે, વ્યસન એ એક જીવતા શત્રુ કરતાં પણ વધારે પ્રાણ ઘાતક શત્રુ છે. કોઇ પણ પ્રકારનું વ્યસન ન રાખવું એ ઉત્તમ માર્ગ છે. દેખાદેખીથી મનને લાલચમાં પડવા ન દેવું એજ વ્યસનને ત્યાગ કરવાનો પહેલો રસ્તો છે. અને પૈસા બચાવવાનો સારો માર્ગ છે, પોતાનો સંસાર, પોતાની જાત અને પોતાના કુટુંબને સુખી જોઇ છેવટે પોતાની જાત, પોતાનું ગામ અને દેશને સુખી કરવાના સાધનોમાંનું વ્યસન ત્યાગ કર-

વો એ ઉત્તમ સાધન છે, દુરવ્યસનોનો પ્રથમથીજ ત્યાગ કરી સારા વ્યસનોને ગ્રહણ કરવા એજ મારગ સઉ કરતાં શ્રેષ્ઠ છે, અને તેથી મહાન સુખ દુનીઆમાં તથા આકબતમાં મળે છે.

# ૨૩. ખુદાઈ રાહનો બાગ.

(૧) જ્યારે હકતાલાએ ચાહ્યું કે પોતે જાહેર થાય ત્યારે અવ્વલ પોતાની પેદાશમાંથી લોહ અને કલમને નુર બારેલા પેદા કીધા, કે તેથી તમામ જાતની શીફતો યાને જે જે

તરેહની જાત હતી તેની નિશાનીઓ જાહેર થાય, પણ અક્કલ સિવાય તેની જાતને પહોંચાતું નથી. અને જેહાન તથા જોશા તથા જીવ એ સર્વે તેની જાતથી જીવ પામેલા છે. અને ઇનશાનનું બદન તથા જાન શું છે? સર્વે તેની જાતનો યાને હકતાલાની જાતનો પરછવ છે. જ્યારે બાતુનથી તેના જાહેર થવાને શર ઉચકેઓ ત્યારે પોતે જાહેર થવાનો લેબાશ પહેર્યો. અને બંન્ને જહાન પૈદા કીધી, અને બાતુનમાંથી પોતે જાહેર થવાને ફૂલની મીશાલે ખીલ્યો, અને અજાયબ તરેહથી પોતે જાહેર થયો, જાહેરપણાથી પોતે છુપો છે. યાને સર્વમાં પોતે છે, અને સર્વેથી અલગ છે. મીશાલ કે;:-

## કલામે પીર.

જુમ પર છાનુ રાજા ગતીએ કે બીખાયા

એટલે તેનો ચળકાટ એવો છે કે, પોતે તે ચલકાટનો ઢંકાયલો છે. અને ઇનશાન તથા સર્વેનું પેદા થવું તેનાથી છે. અને બન્ને આલમ યાને બન્ને જહાન તેની સખાવતની બક્ષેસથી પેદા થએલ છે. બન્ને જહાન તેના નુરનો પરછવ છે, તે પરછવમાંથી સર્વે ચીજ પેદા થએલી છે, તમામ ચીજ હુકતાલાથી જાહેરમાં પેદા થએલી છે, અને એક જરાબી તેના વગર પેદા થયું નથી.

(૨) જહાનમાં બે પરવાહ તથા બે પરવાહી ભરેલો અને આલમમાં શમ્મે તથા પરવાને અને વજુદમાં જીવ તથા માશુકે, અને ઝાડ, ફુળ, પાનો એ સર્વે જે કાંઇ છે, તે પોતેજ છે, યાને સર્વે ચીજોમાં હુકતાલાનો પરછવ છે.

(૩) દાણામાં, ઝાડમાં, તથા ફલમાં, યાને બીમાંથી ઝાડ ઉગે છે. અને તે ઉપર

ફળ આયછે, જેમકે સોનામાંથી ઝવેર લઠાયછે અને ઝવેરમાંથી પાછું સોનું થાયછે. એ મીસાલે ખુદાની એકતા (એગાનગી) ને આલમ ઘડી છે, જેમકે બેદાની અંદરથી મરઘી પેદા થાય છે. અને એજ મરઘીમાંથી બેદું પેદા થાયછે, એ રીતે સર્વે ચીજુ હકતાલાની જાતનો પરછવ જોવામાં આવે છે.

(૪) કુલ પેદાશમાં હકતાલાનો પરછવ છે, અને તમામ પેદાશનું જોડું છે. જેને જોડુ છે તે સર્વે, ફનાહ થનાર છે "વલી" નામનો શાહેર કહેછે કે, તું એ રીતે સમજ કે તમામ ચીજનું જોડું છે, ત્યારે મલવું, જુદુ પડવું તથા નજદીક રહેવું, દુર રહેવું એ સર્વે મારામાંથી જતું રહ્યું. કારણકે હકતાલા એકછે, અને તેની જાત હમેશાં કાયમ રહેનાર છે.

(૫) દુનીઆમાં જે ચીજો છે, તેને સોબતની અસર પહોંચે છે, નહિતર લાકડું યાને

શેરડીની મીઠાશની સોબત અખ્ત્યાર કીધેલી છે, તેથી તે મીઠાશની કીંમત પામે છે, તેમ હરેક ઈનસાન સારી યા મીઠી સોબત પકડે છે, તો તેને તેવી અસર થાય છે.

(૬) જે શખ્શ દુનીઆમાં બચ્ચાં છોકરાની માયામાં ફસેલો છે, તે ખુદાની એગાનગી (એકતા) રાહ ઉપર કેમ આવશે, જેમકે પ્યાલામાં સાકર તથા ઝેર એકઠું રખાય નહિ. તેમ દુનીઆની માયાછે, તે ઝેર બરાબર છે, અને હક તાલાની તરીકતનો રસ્તો મીશાલ સાકર જેવોછે.

(૭) તે એક ધણીને બંન્ને રસ્તા કેમ રખાશે? જ્યાં સુધી કુલ દુનીઆનો લોભ તથા માયાને પડતી મૂકીને હકતાલા સિવાય બીજા કોઇ ઉપર દીલ નહિ રાખે, ત્યાં સુધી હકને નહિ પહોંચે એ વાત જગ જાહેર તથા રોશન છે.

(૮) જાણવું જોઇએ કે તરીકતનો રસ્તો આશાન નથી, એ રસ્તે ચાલતાં હરેક કદમમાં

પોતાના માથાને તરફ થાને સર્વે ચીજના ડરને દુર કરવો જોઇએ છીએ, તેને એ રાહાનો છેડો તોજ હાથમાં આવે છે. અગર જો તારામાં માથું દુર કરવાની તાકાત ન હોય તો તેથી દુર જા, જે લોકો એ રસ્તે ચાલનારા છે, તેઓને અમથી ઈજા નહિ આપ.

(૯) હરકોઇ બંદો ખુદાવંદને પહોંચવાની કોશેશની કમર બાંધે તો જેમકે બીજમાંથી ઝાડ પોતાનું શર બહાર પાડે છે, તેમ તે શખ્શ દુનીઆની લાલચથી દુર થઇ શકે છે, અગર ગુલાબના ફૂલના રંગનો દારૂ તારા પીવામાં આવે તો જે ખુદાવંદતાલાને પીછાણવાળાનો રસ્તો છે, તેને તું ભૂલી જશે, અને જો માશુક એક તારી બગલમાં આવશે તો જે દીનદારીનો તરીકો છે, તેને તું વીશરી જશે.

(૧૦) તું દુનીઆના લોભમાં લોભાઇ ર્‌હ્યોછે પણ તે લોભ ઠીકરા બરાબર ગણ

અને તે લોભના કેટલાએક ગંજનો તારી ગરદન ઉપર બોજો લાધેલો છે, એ બોજાને દુર કર અને રાહે રાસ્ત અખતિયાર કર.

(૧૧) કોઈને બદ નહિ કહેવું અને કોઇનું ભુંડું ચાહવું નહિ; અને પોતાની ખસલતને નેક રાખવી, અને ભુંડી ખસલતો રાખનારથી દુર રહેવું કેમકે સાદા દીલવાળો તેવી ખબર નથી રાખતો, કે જેની સોબત તેવી તેને અસર પહોંચે છે.

(૧૨) થોડું ખાવુ, થોડું બોલવું, થોડું ઉંઘવું, અને પોતાના દિલને હકતાલાની યાદમાં ડુબાડવું, અને દુનીઆના લોભ લાલચના ગુન્હાથી છુટા પડીને દુર રહેવું બહેતર છે.

(૧૩) તું નથી જાણતો કે આ જમાના યાને દુનીઆ ફનાહ થનારીછે અને જેકોઈ

એની માયામાં પડયા યાને લપટાઇ ગયા એટલે પોતાને લોભ લાલચમાં ગીરફતાર રાખેછે તે ઘણુંજ નુકશાનકારક છે માટે તું નિગાહ પહોંચાડી ને જોશે તો એક બી ચીજ કાયમ નથી ફક્ત હકતાલા કાયમ અને જાહેરછે.

(૧૪) હકતાલા એવો શકિતમાન છે, કે બંને જહાન " નુર ફતુલ અએન " એટલે આંખના પલકારા જેટલા વખતમાં પેદા કીધેલી છે, તે જાણે એક ઘર જેવીછે, અને તેમાં પોતે જાહેર તેમજ બાતુનમાં હાજર છે, તેથી જે જાહેરમાં છે તેને તું જો.

(૧૫) ઇનશાનનું દીલ છે, તે જાણે એક ઘર છે, અને તે ઘરમાં ઉપર કહેલી સીફતો ભરેલી છે, અને હકને પહોંચવાની મંજલ ઘણી છે, અને ઈનશાનનું રૂંહ તથા જાન વહેમમાં પડયાથી તે મંજલથી પાછો ફરેછે, પણ રસ્તાનો દેખાડનાર તે પોતેજ,

યાને ખુદાતાલા છે, અને એ ઘરમાં પાદશાહ, ફકીરના લેબાશથી કહ્યો તે જાણવું જે ઇનશાનનું રુંહુજે છે તેમાં બને સીફતો છે, ચાહેતો પાદશાહ થાય, યાને હકને પહોંચે નહિતર ફકીર યાને દુનીઆના લોભમાં ગીરફતાર રહે. આ દુનીઆમાં તેવું ઘર તું બનાવ યાને હકને પહોંચ કે જેથી તે ઘરનો કારીગર પણ તુંજ છે,

